पूज्यपाद परमोपकारकृदागमोद्धारक पन्यासजी श्रीमदा-
नन्दसागरगणिसद्गुरुभ्यो नमः

# શ્રી જૈન ગદ્ય-પદ્ય સમુચ્ચય

## ભાગ ૧ લો.

સંયોજક અને પ્રકાશક
**પુરૂષોત્તમ જયમલદાસ મહેતા.**
નાણાવટ પંડોળીપોળ-સુરત.

વીર સંવત ૨૪૪૫. વિક્રમ સંવત ૧૯૭૪.

પ્રથમ આવૃત્તિ. નકલ ૧૦૦૦

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः॥
(श्रीमद्धरिभद्रसूरिश्वरजी)

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત "જૈન" એન્જીન
પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું.
ઠે. ખપાટીઆ ચકલા-સુરત.

કીંમત ૦-૪-૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શુદ્ધિપત્રક.

| પૃષ્ટ. | લિટિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૨ | ૮ | રહે | [illegible] |
| ૨૨ | ૧૪ | મનોરજક | મનોરંજક, |
| ૨૨ | ૨૧ | આશ્ચય | આશ્ચર્ય |
| ૨૩ | ૭ | ઉડો | ઉંડો |
| ૨૩ | ૧૦ | ની | નીચે |
| ૨૬ | ૧૧ | મહર્દ્ધિક | મહર્દ્ધિક |
| ૨૭ | ૩ | આહિ | આદિ |
| ૨૮ | ૨૨ | જનેતર | જૈનેતર |
| ૪૯ | ૧ | કોડાકોડા | કોડાકોડી |
| ૫૦ | ૧૨ | ન કી | ન કીધો |
| ૬૪ | ૩ | સુદીરતા | સુંદીરતા |

| | તીર્થંકરનાં નામ. | લાંછન. | વર્ણ. |
|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | બળદ | પીળો (સોના જેવો) |
| ૨ | અજીતનાથ | હાથી | ,, |
| ૩ | સંભવનાથ | ઘોડો | ,, |
| ૪ | અભિનંદન | વાંદરો | ,, |
| ૫ | સુમતિનાથ | ક્રૌંચપક્ષી | ,, |
| ૬ | પદ્મપ્રભુ | કમળ | રાતો |
| ૭ | સુપાર્શ્વનાથ | સાથીયો | પીળો |
| ૮ | ચંદ્રપ્રભુ | ચંદ્ર | ધોળો |
| ૯ | સુવિધિનાથ | મગરમચ્છ | ,, |
| ૧૦ | શીતળનાથ | શ્રીવચ્છ | પીળો |
| ૧૧ | શ્રેયાંસનાથ | ગેંડો | ,, |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| વિષયનું નામ | કર્ત્તા | પૃષ્ઠ |
|---|---|---|
| ગહુંલી સંગ્રહ. | પુ૦ જ૦ મહેતા. | ૧-૧૦ |
| સદ્ગુરૂગુણાનુવાદદર્શક સ્તુતિ. | ,, | ૧૦ |
| નેમનાથ જિનસ્તવન | મુનિશ્રી પ્રતાપવિજયજી | ૧૧ |
| મહાવીર જિનસ્તવન. | ,, | ૧૨ |
| કુંથુનાથ જિનસ્તવન. | ,, | ૧૨-૧૩ |
| મુનિસુવ્રત જીનસ્તવન. | ,, | ૧૩-૧૪ |
| આદિશ્વરપ્રભુનું સ્તવન. | ભાઇલાલ છ૦ દલાલ | ૧૪ |
| મહાવીર જિનસ્તવન. | ,, | ૧૪-૧૫ |
| શ્રીજીનસ્તવન. | ,, | ૧૫ |
| શ્રીજીનસ્તુતિ ગરબો. | પુ૦ જ૦ મહેતા. | ૧૬ |
| સ્ત્રીઓને ધારણીય આભૂષણ ગરબો. | ,, | ૧૬-૧૭ |
| સતીનો લાવણ્યમય શ્રૃંગાર. | કવિ નથુરામ સું૦ | ૧૮ |
| સતીના સત્ય ભૂષણો. | ગ૦ ડા૦ ત્રિવેદી | ૧૮-૧૯ |
| ઓડ રેનો હર્ષોદ્ગાર. | ભા૦ છ૦ દલાલ. | ૧૯-૨૦ |
| શ્રી વીરજીનસ્તુતિ. | ઉજમશી ભૂદરદાસ. | ૨૦ |
| પ્રભુપ્રાર્થનારૂપ મંગલાચરણ. | કૌ. વિ. મહેતા. | ૨૦-૨૧ |
| વિદ્યા-લક્ષ્મીનો મનોરંજક સંવાદ. | પુ૦ જ૦ મહેતા. | ૨૧-૩૩ |
| નવ અંગપૂજાના દુહા વિવેચન સાથે. | વિ. કર્તા ભા. છ. દ. | ૩૩-૩૭ |
| હિતશિક્ષા છત્રીશી. | પંડિત વીરવિજયજી. | ૩૭-૪૧ |
| ક્રોધની સઝાય. | ઉદયરત્નજી. | ૪૨ |
| માનની સઝાય. | ,, | ૪૨-૪૩ |
| માયાની સઝાય. | ,, | ૪૩ |
| લોભની સઝાય. | ,, | ૪૪ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| જીનેશ્વર પાસે લઇ જવાની ભાવ સામગ્રી | વીરવિજયજી. | ૪૫-૪૬ |
| શિયળચૂનડી. | મેઘમુનિશ્વરજી. | ૪૬-૪૮ |
| સમક્તિરત્નવિના સર્વક્રિયા નિષ્ફળ. | ગ્નાન વિમલજી | ૪૮ |
| ભાવમંદિર. | ક્ષમાવિજયજી. | ૪૮-૪૯ |
| બોધિબીજવિના સર્વક્રિયા ગદ્ધા મજુરીછે. | વિનયવિજયજી. | ૪૯-૫૦ |
| મહાવીર જીનસ્તવન. | દેવચંદ્રજી મહારાજ. | ૫૦ |
| નવાણુ યાત્રાનું સ્તવન. | પદમવિજયજી મહારાજ | ૫૧ |
| પાર્શ્વનાથ જિનસ્તવન. | માનવિજયજી ઉપાધ્યાય | ૫૧-૫૨ |
| પ્રતિક્રમણ સૂત્રોના સંક્ષેપ હેતુઓ. | | ૫૨-૬૨ |
| સુરતની વાચનામાં જે જે સૂત્રો વંચાયા તથા હાલમાં જે વંચાય છે તે સંબંધી ટુંક દિગ્દર્શન. | પુ૦ જ૦ મહેતા. | ૬૨-૬૩ |
| જૈનધર્મની સર્વધર્મોત્કૃષ્ટતા. | પુ૦ જ૦ મહેતા. | ૬૪ |

# પ્રસ્તાવના.

આ પુસ્તકમાં ગહુંલીઓ, સ્તવનો, તથા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી લેવામાં આવતી સ્ત્રીઓની પરીક્ષામાં આવતા સ્તવનો, સઝાયો વિગેરે દાખલ કરેલ છે તેમજ વિદ્યા લક્ષ્મીનો સંવાદ ખાસ કરીને દરેક વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે માટે દાખલ કર્યો છે.

આ પુસ્તકમાં મતિમંદતા વિગેરે કારણોથી ભૂલ રહેવા પામી હોય તે વિદ્વજ્જનો ક્ષમા અર્પશે.

લી૦ પુરૂષોત્તમ જયમલદાસ મહેતા-સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ॥ श्री वीतरागायनमः ॥

### ગહુંલી-૧ લી

( આજ સફલ દિન ઉગ્યો મ્હારે એ રાગ )

સુરત શહેરના અધિક સુભાગ્યે, ગુણનિધિ ગુરૂજી પધાર્યારે;
ભવ્યવૃન્દને જેહ પ્રતિબોધે, દેઈ સદ્જ્ઞાનની ધારારે સુ૦ ૧
સમિતિ-ગુપ્તિ રૂપ પ્રવચન માતને, યથાર્થ પાલન કરતારે;
રત્નત્રયી આરાધનકારક, અપ્રમત્ત સર્વદા રહેતારે સુ૦ ૨
સાંપ્રત સમયે જૈન આગમો, ગૂઢ તત્ત્વોથી ભરીયારે;
અતીવ ગહન એહના અર્થોને, સ્પષ્ટતા પૂર્વક કરતારે સુ૦ ૩
શુદ્ધાગમ પ્રત વિણ મુનિઓનો, અલ્પાદર અવલોકીરે;
આગમોદય સમિતિ સ્થાપીને, ઉદ્ધરણ કરે અતિ શ્રમ સહીરે સુ૦ ૪
સ્યાદ્વાદ શૈલીથી શાસ્ત્રવાચના, યતિમંડલને આપેરે;
જ્ઞાનકટકબલની સહાયેથી, કર્મારિદલ ચકચૂરેરે સુ૦ ૫
એકવિધ અસંજમને ટાળે, દુવિધ ધર્મ સુણાવેરે;
ત્રણ તત્ત્વને સંપૂર્ણ જાણે, ચાર કષાય નિવારેરે સુ૦ ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંચેંદ્રિય વિષયોને વર્જે, ષટ્વ્રતનું પાલન કરેરે;
સાત ભયોને દૂર નિવારે, અષ્ટ મહામદ ગાલેરે સુ૦ ૭
નવ તત્ત્વોને હૃદયે ધારે, યતિધર્મ દશ આરાધેરે સુ૦ ૮
અગીયાર અંગને જે મુનિ ભણુતા, દ્વાદશ ઉપાંગ પ્રરૂપતારે;
તેર કાઠીયાને પરિહરતા, ચઉદ જીવભેદના જ્ઞાતારે સુ૦ ૯
પંદર સિદ્ધના ભેદને જાણે, સોલ કષાયને છંડેરે;
સત્તર ભેદે સંયમ ધરતાં, અઢાર પાપસ્થાન ત્યજતારે સુ૦ ૧૦
ઓગણીશ કાઉસ્સગ દોષો વર્જે, રહે **વીશ** અસમાધિ સ્થાનેરે;
એકવીશ સંબલ બાવીશ પરીસહ, પરિસહે શુભ ધ્યાનેરે; સુ૦ ૧૧
ત્રેવીશ વિષયો દૂર કરીને, **ચોવીશ** જીન આજ્ઞા ધરેરે,
પચીશ ભાવના નિત્ય ભાવતા, નિર્મલ અક્ષય પદ વરેરે સુ૦ ૧૨
ધન્ય ધન્ય એહવા ગુરૂવરને, જ્ઞાનક્રિયાદરવન્તારે;
સેવે પ્રાંજલીયુત વિનય ભાવથી, શિવરમણી સુખ લેવારે સુ૦ ૧૩

(સંવત ૧૯૭૩ના શ્રાવણ શુદ ૨)

---

## પૂજ્યપાદ ગુરૂવર્ય પન્યાસજી શ્રીમાન્ આનંદ સાગરજી મહારાજજીના ગુણાનુવાદ રૂપ

## ગહુંલી ૨જી.

(સુણ સાહેલી જંગમ તીરથ જોવા ઉભી રહેને–એ રાગ.)
સુણ સાહેલી, સદ્ગુરૂ યોગ મળ્યો બહુ પુણ્ય પસાયથી;
ગુરૂ વાણી સુણી આતમ સફળ કરીએ આપણુ શુદ્ધ ભાવથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ પંચ મહાવ્રતને પાલે, અષ્ટ પ્રવચન માતને જે ધારે;
ષટ્કાય જીવ નિત્ય પ્રતિપાલે, પંચેંદ્રિ તણા વિષયો ટાલે સુણુ. ૧
બાવીશ પરીસહને સહતા, વળી પાંચ પ્રમાદને પરિહરતા,
રાગાદિક શત્રુ દૂર કરતાં, નિજ આત્મગુણો ઉજ્જવલ
કરતાં સુણુ. ૨
વિનાશી ધર્મ સ્વશરીર પ્રેખી, સાંસારિક સ્વજન સમૂહ છંડી
અતિ લઘુ વયમાં દીક્ષા લીધી, મેલવવા અક્ષયપદ સિદ્ધિ સુણુ. ૩
જ્ઞાનાલ્પી મુનિમંડલ દેખી, શાસ્ત્રાદર વિણુ સ્થિતિ અવલોકી;
આગમવાચના કાજ શ્રમ સહી, શ્રી આગમોદય સમિતિ
સ્થાપી સુણુ. ૪
વ્યાખ્યાન અમૃતધારા વરસે, શ્રાવક એકવીશ ગુણું
સ્પષ્ટ ચરચે;
સદ્જ્ઞાન આપી નિત્ય પ્રતિબોધે, ગુરૂ વાણી સુણી સહુ
સંઘ હરખે સુણુ. ૫
આચારાંગ વાચના નિત્ય આપે, શ્રમણાચાર સમ્યક્ સમજાવે
આવસ્યક સૂત્રાસ્વાદ અર્પે, સહુ સંઘ શ્રવણુ ઉત્સાહી બનેસુણુ. ૬
સદ્જ્ઞાનાનંદ નંદિત થતાં, શુદ્ધ ક્રિયામાર્ગને અનુસરતાં
શત્રુ-મિત્રપર પણુ સમતા ધરતા, નિજ નામ યથાર્થ
સાર્થક કરતા સુણુ. ૭

( ૧૯૭૩ના શ્રાવણુ વદ ૧૦ રવીવાર )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પૂજ્યપાદ, ચારિત્રચૂડામણી ગુરૂવર્ય પન્યાસજી શ્રી આનંદસાગરજી મહારાજજી શ્રી જૈન તત્ત્વબોધ શ્રાવિકાશાલામાં વ્યાખ્યાન વાંચવા પધાર્યા તે સમયે તેઓ શ્રીના ગુણાનુવાદ રૂપ ગવાએલ

### ગહુંલી—૩જી

(પ્રથમ જીનેશ્વર પૂજવા સહિયર મોરી અંગ
ઉલટ ભરી આવ હો—એ રાગ.)

અક્ષય પદને પામવા, શાસનધોરી, વિચરે દેશ વિદેશ હો;
દેશના દેઈ પાવન કરે, શાસનધોરી નહિં મમતા લવલેશ હો
શાસ્રોદ્ધાર શ્રમી, શુધ્ધ સંયમી મુનિ, સહજ સનૂરાગણિ
રાજીયા શાસનધોરી ધન્ય ધન્ય તુમ અવતાર હો.— ૧
સત્યાવીશ ગુણ ધારતા, શાસનધોરી રત્નત્રયી આરાધે હો;
મરણાંત ઉપસર્ગો સહે, શાસન ધોરી સદ્ધર્મથી નવિચુકે હો
શા૦—૨
સાંસારિક પદાર્થોથી, શાસનધોરી જે રહે નિત્ય અલેપ હો;
સ્યાદ્વાદયુત દિયે દેશના, શાસનધોરી નયનિક્ષેપ પ્રમાણ હો;
શાસ્રો—૩
વ્યાખ્યાન અમૃત વાણીથી, શાસનધોરી સંઘસકલ સંતોષી હો;
ધર્માભ્યાસ પ્રચારવા, શાસનધોરી તત્ત્વબોધ શાલા સ્થાપી હો
શા૦—૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂવર ચરણકમલ થકી, શા૦ પૂનિત થઈ પાઠશાલા હો;
વિદ્યા પઠતી શ્રાવિકાઓનો, શા.નરભવ શ્રેષ્ઠ સફલ થયોહો શા૦–૫
ગીતાર્થ ગુરૂ આગમનથી, શા૦ હૃદયે હર્ષ ન માય હો;
દેશના સુણી હર્ષિત થયા, શા૦ફલીયા મનોરથ આજ હો શા૦–૬
શ્રાવિકાઓ સર્વે વિનવે, શા૦ શાળામાં પુનઃ પધારી હો;
અચલ અનંતસુખ અર્પજો, શા૦ તત્ત્વનો બોધ વધારીહો શા૦–૭
(સંવત ૧૯૭૩ના શ્રાવણ શુકલ નવમીશનિ)

---

## ગહુંલી—૪થી

(વીર મુને તારો મહાવીર મુને તારો—એરાગ)

ગુરૂજી સુધાસમ દેશના વરસે, ભવ્ય હૃદય પટ્ટ આકર્ષેરે;
અજ્ઞાત–અબુઝને પણ પ્રતિબોધે, સદ્‌ગુણ બીજારોપણ કરીરે
ગુરૂજી બતાવો સદ્‌ગુરૂજી બતાવો શુદ્ધ શિવપંથ દેખાડોનેરે–૧
રત્નત્રયી નિર્મલતા ધારીને, ઉપશમરસનું પોષણ કરેરે;
પંચાચાર શુદ્ધ પાલનહારા,કુમતિ કદાગ્રહ નિવારતારે ગુરૂજી. ૨
જિમષટ્‌પદ દ્રુમકુસુમકેરી, રસ આસ્વાદનતા ગ્રહીરે;
પુષ્પ કિલામણા રતિ પણ નવિકરે, સંતોષિત નિજાતમ કરીરે
ગુરૂજી–૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તિમ મુનિપણુ ઘરોઘર ભમીને, દોષ રહીત ભીક્ષા લહેરે;
શુદ્ધ સંયમ ગુણ ધારણ કરતાં, પરમ ક્રિયાદર સદૈવ ધરેરે
ગુરૂજી-૪

ગૂઢ તત્ત્વ ભરપૂર આગમ કેરી, વાચનામૃતરસ સિંચીનેરે;
યતિવૃન્દને પણ ચારિત્ર રમણતા, કરાવે શ્રદ્ધા અચલ
કરીરે ગુરૂજી-૫

લૌકિક માર્ગમાં પણ ઉપકારીની,ઉપકાર વિસ્મૃતિ નવિથાવેરે;
તેહથી અધિક ક્રોડો ભવ ગુરૂજીનો, ધર્મ ઉપકાર નવિ
વિસરેરે ગુરૂજી-૬

લઘુવયમાં અતિ બુદ્ધિની તીક્ષ્ણતા, મેલવી જૈના-
ગમ જ્ઞાનથીરે;
ષડ્દર્શન શાસ્ત્રો અવલોકી, જૈનવાટિકાપુષ્પ ખીલવ્યારે
ગુરૂજી-૭

ધન્ય ધન્ય એહવા ગુણધારી તમે,મુનિ ગુણ માંહિ મહંતારે;
ભવ્ય જીવોની જ્ઞાન પિપાસા, તૃપ્ત કરો સદ્દેશના
દઇરે ગુરૂજી ૮

જનાગમ શુદ્ધવચનામૃતનું, પાન જે સદ્ગુરૂ
મુખથી કરેરે;
દ્રઢ શ્રદ્ધા હૃદયે ધરી વર્ત્તે, ઉત્તમ નર સિદ્ધિ પદ
વરેરે ગુરૂજી ૯

સંવત ૧૯૭૩ના પ્રથમ ભાદ્રપદ શુકલ ચતુર્દશી શુક્રવાર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ગહુંલી-૫ મી

( ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ )

અખંડ ચારિત્રને પાલવા, નિત્ય રહે ઉજમાલજી;
પરીસહ—ઉપસર્ગો સહે, મદનસદન કર્યો ત્યાગજી
શ્રુતનિધિ સદ્દગુરૂ વંદીએ ૧
જૈન શાસ્રામૃતવચનને, દીપક સદશ પ્રકાશેજી;
વીર શાસનને શોભાવતાં, ધર્મધ્વજા ફરકાવેજી શ્રુત. ૨
નિર્મમ—નિર્મદ—નિર્મોહી, નિર્લોભી—નિઃકષાયીજી;
નિષ્કપટી—નિર્ગ્રંથી થઈ, ભવ્યજનાદર્શ રૂપ થાયજી શ્રુત. ૩
વદન કમલ પેરે શોભતું, રસના કર્ણિકાવત્ રાજેજી;
રદન પાંખડી સમ વિરાજતું, અક્ષી દલ ઉપમા પ્રમાણોજી શ્રુત. ૪
વચનામૃત મકરંદ તણું; પાન કરાવે ગુરૂરાજજી;
ભ્રમર બની કાંક્ષાનુરૂપથી, પાન કરો ભવિ નિત્યજી શ્રુત. ૫
ક્રોધ સુભટ પ્રચંડ અતી, ક્ષમા ખડ્ગે કર્યો વિનાશજી;
માન ગિરિ શ્રૃંગ ભેદીઓ, માર્દવ વજ્ર સુરંગેજી શ્રુત. ૬
માયા રૂપી વિષવેલડી, આર્જવ પરશુ ઉચ્છેદીજી;
લોભ સાયર તૃષ્ણા જલ ભર્યો, મુક્તિ તરીથી કર્યો
તીર્ણજી શ્રુત. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નમ્ર વિજ્ઞપ્તિ હૃદય ધરી, બાંહ્ય ગ્રહી કરો સનાથજી;
જ્ઞાનાનંદ મગ્નતા અર્પીને, શ્રેષ્ઠ પદ દ્યો નિજ દાસજી
શ્રુત નિધિ સદ્‌ગુરૂ વંદીએ ૮
( સંવત્ ૧૯૭૩ના દ્વિતીય ભાદ્રપદ શુકલાષ્ટમી શનિવાસર)

---

## ગહુંલી—છઠ્ઠી

(ભેખરે ઉતારો રાજા ભરથરી—એરાગ)

મધુરી દેશના સિંચતા, સંઘ સકલ પ્રિતીકારજી;
અલ્પવય બાલોના હૃદયમાં, સંસ્કારો શુદ્ધ સ્થાપેજી ગુરૂવર
પદકજ પ્રણુમીએ૦–૧
જૈન શાસનમાં ઝલકતા, હીરા સમ મુનિ દોયજી;
આનંદ સાગર–મણીવિજયજી, રામ લક્ષ્મણુની જોડજી ગુરૂ૦૨
નવિન સમય અનુસારિણી, વ્યાખ્યાન શૈલી પ્રકાશેજી;
ગૂઢતત્ત્વો સમજાવીને, શ્રોતા ચિત્ત વિકાશેજી ગુરૂ૦૩
વાચનામૃત રસ મધુરતા, અર્પે અભિલાષુકજી;
મિષ્ટ વાણીથી તોષિત થયા, સર્વે આબાલ વૃદ્ધજી ગુરૂ૦૪
કેઇક નરોને બુઝવ્યા, કર્યાં ધર્મ સન્મુખજી;
સંપ્રતિ કેઈ પ્રતિ બોધે છે, દર્શાવી શુદ્ધ પંથજી ગુરૂ૦૫
જ્ઞાન ખજાનો અખૂટ ભર્યો, વ્યય કર્યે ચય નવિ થાયજી;
અમ યાંચા એકોશ પામવા, પૂરો મનતણી આશજી ગુરૂ૦ ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાવો અમચિત્ત ભૂમિમાં, સમકિત રત્ન સુખીજી;
અક્ષય અનંત સુખ સાધવા, અર્પો કથિતયાંચાદોયજી ગુરૂ૦ ૭
(દ્વિતીય ભાદ્રપદ કૃષ્ણ ચતુર્દશી સોમવાસર ૧૯૭૩)

---

## ગુંહલી—૭મી

(આજ સફલદિન ઉગ્યો મારે–એરાગ)

જૈન શાસનમાં સ્થંભસરિખા; સદ્ગુરૂ મિષ્ટ વાણી સુણીરે;
ચિત્ત સંતુષ્ટ થયા અમ કેરા, ઉદ્ભવી નવી અભિલાષારે. જૈન. ૧
તત્વ સુધારસની સિંચનતા, રોમેરોમ અમ પસરીરે;
ક્રિયા ઉપધાનની અતિ સુખકારક,કરણ ઉત્કંઠા અમારીરે.જૈન ૨
નમ્ર વિનતી અમ ઉર ધરીને, પૂર્ણ કરશો એ આશારે;
મોક્ષ માલારોપણ આપ હસ્તે, પહેરાવી કર્મ મલ
દૂર કરોરે. જૈન ૩
નવકાર ઈરિયાવહીયા લોગસ્સ, શક્રસ્તવાદિકના વલીરે.
ઉપધાનના એ શુભ પ્રકારો, ક્રમસર યોગ્યતાદાયકરે.જૈન ૪
શ્રાવક–શ્રાવિકા આ પુરના, મલી એકત્ર વિનતી કરેરે.
શાસ્રકથિત તપ વિધિ સ્હુ કરાવી, તે તે સૂત્રવાચન
યોગ્ય કરોરે. જૈન. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેઆ આવો અમને નવિ મલશે, અજ્ઞાન નસાડે સુબોધ દેઇરે
ધર્માનુષ્ઠાન સુરીત કરાવી, શાસ્ત્રશૈલી સમજાવેરે જૈન. ૬
માન્ય કરી વિનતી સંઘ કેરી, શરૂ કરો શુભ મુહૂર્તેરે;
અક્ષય વિજયમાલાને વરવા, હૃદય સવિજન ઉલ્લસેરે. જૈન.
(બીજા ભાદરવા વદ ચઉદશ સોમવાસર ૧૯૭૩)

## શ્રી સદ્ગુરૂ ગુણાનુવાદદર્શક સ્તુતિ

(પતિ વિના પ્રેમદાના મનના પૂરાય કયાંથી કોડ–એ રાગ)
સદ્ગુરૂ વિણુ ઉપદેશ અમોને, કુણ આપે શુભ રીત,
અહો ભવિ ગુરૂબોધ સુચિત, જ્ઞાનામૃતપયોનિધિ
કેરૂં પાન કરાવે નીત;
ક્ષાન્ત્યાદિક ગુણ ધારણ કરતાં, બાવીશ પરીસહને પરીસહતાં
ષડ્વિધ જીવ તણી રક્ષામાં સદા ધરે સ્થિર ચિત્ત–જ્ઞાના-
મૃત પયોનિધિ. ૧
જ્ઞાનપિપાસા સવિજન પૂરે, કર્મારિદલ નિત્ય ચકચુરે;
મન મર્કટ વશ કરી મેલવે મોહ સુભટ પર જીત–જ્ઞાનામૃત ૨
શાસ્ત્રવાચના મધુરી આપે, રસીક ભવિક જન ચિત વિકાશે;
સત્તત્ત્વામૃત પાન કરાવી સંયમમાં બને વીર–જ્ઞાનામૃત. ૩
જીનકથિત તત્ત્વો સત્ય ભાષે, સરલ શૈલીથી અર્થ પ્રકાશે;
વીરશાસનં સેવા સત્ય રીતે કરે ધારી દિલ હિત–જ્ઞાનામૃત. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી નેમનાથજીન સ્તવન

( રાગ-બલીહારીઃ—)

અવિકારી, અવિકારી, અવિકારી પ્રભુ નેમ તું અવિકારી
પ્રભુ હું પણ પામું તુજ પદ સેવનાજી.
અવ્યય વિભુ પ્રભુ, અચિન્ત્ય અસંખ્ય શંભુ; ઈશ્વર
અનંત બ્રહ્મચારી પ્રભુ નેમ. ૧
અનંગ કેતુ શીવ, આદ્ય યોગીશ્વર દેવ; અનેક
અરૂપ કર્મહારી પ્રભુ નેમ. ૨
જ્ઞાનસ્વરૂપ જીન, રાગાદિરિપુછિન્ન; ધીરાદિ ગુણ–
ગણધારી પ્રભુ નેમ. ૩
અનેક નામે કરી, નમે બુધ કર જોરી; મૂર્તિ અમૃત
રસ તારી પ્રભુનેમ. ૪
રાજુલ નારી તારી, પૂર્વસંબંધ ધારી; યાચું હું સેવા
જીનજી તારી પ્રભુ નેમ. ૫
મોહન ગુરૂ પામી, દેવ તું નેમનામી; નમે પ્રતાપ
શીર નામી પ્રભુ નેમ. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી મહાવીર પ્રભુ સ્તવન.

( શું કહું કથની મારી રાજ—એ રાગ )

વિનવું હું પ્રભુ તુજને વીર. વિનવું હું પ્રભુ તુજને.
દયાનિધિ દીન ઉદ્ધારક ધીર વિનવું. ૧
ભવ નાટકમાં વેષો ધરીને,દેહ માનવનો પામી;
પુણ્ય ઉદયથી ધર્મજ તારો, પામી રહી નહિં ખામી વીર. ૨
ક્રોધી ચંડકૌશિકને તાર્યો; કરૂણા દ્રષ્ટિ લાવી;
મુજ સરિખા જે રંકને તારો, તેવી કરૂણા ભાવી વીર. ૩
ગુણ અનંતા ભર્યા તમે છો, ચિદ્દઘન રૂપી સ્વામી;
ગુણ યાચું તમથી હું એકજ, થાઉં સિદ્ધિ ગતિ ગામી વીર. ૪
ચરણકમલની સેવા આપો, મોહાદિ રિપુ દુઃખ કાપો;
મોહન પ્રતાપે સેવક સ્થાપો, તો થાય હર્ષ અમાપો વીર. ૫

## શ્રી કુંથુનાથ જીન સ્તવન.

( થઈ પ્રેમ વશ પાતળીયા—એ રાગ )

પ્રભુ કુંથુજીન સમરી જે,તેનું ધ્યાન સદા શુભ ધરી જેરે પ્રભુ.
દેખી અદ્દભૂત રૂપ તમારૂં, હઈડું હર્ષિત થાય અમારૂં;
ઉપકાર તમારો સંભારૂંરે પ્રભુ. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેવલજ્ઞાનને રાખી સાથે, મુક્તિસુખ લીધું શુભ હાથે;
હવે કૃપા કરો રંક માથેરે પ્રભુ. ૨
દાસી કુમતિ પીડે છે મુજને, અર્જ કરૂં તેથી પ્રભુ
તુજને, દીઓ દાસી સુમતિ મુજનેરે પ્રભુ. ૩
મલે જો મુજને દાસી સુમતિ, મિથ્યા રૂપ રાખું નવ કુમતિ
તેથી નાશે કર્મજ ઘાતીરે પ્રભુ. ૪
વિજય મોહનના પાદ કમલને, સેવા કરૂં અતિ હર્ષિત
વદને, રહે પ્રતાપ તારો અમનેરે પ્રભુ. ૫

---

## શ્રી મુનિસુવ્રત જીન સ્તવન.

(પતિ વિના પ્રેમદાના મનના પૂરાયકયાંથી કોડ—એ રાગ)
મુનિસુવ્રતજીન વંદન વિણના પૂરાય કયાંથી કોડ હાં પ્રભુ
પૂરાય કયાંથી કોડ. દોષ અઢાર રહિત જીનજીની નાવે બીજી
જોડ.

મુનિસુવ્રત જીન મૂર્તિ નિહાલો, કરી વંદન ભવ દુઃખને ટાલો;
હે પ્રભુ દર્શન આપી અમારા કર્મના બંધન છોડ. દોષ–૧
તુમે હે પ્રભુ શિવ સુખ મહાલો, તુમવિણ નહીં કોઈ
આજગ પહેલો, સુણી અર્જ પ્રભુ મહેર કરીને દીનતાનું દુઃખમોડ
(વારે અમારી દોડ) દોષ૦–૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તું દાતા તું દીન દયાલો, તારક મોચક ગુણ રઢીયાલો;
વિજય શ્રી મોહન ગુરૂનાસ્વામી, પ્રતાપ તારો જોડ હું પ્રભુ
પ્રતાપના પુર હોડ દોષ અઢાર.-૭

( શ્રી આદિશ્વર પ્રભુનું સ્તવન. )

(સુંદીર શામળીયા નામજપીશ નિત્ય તારૂં-એરાગ)

મનહર મૂર્તિઆ નાભિ નંદનતણી દીપે, જનની મરૂદેવા
નિરખી હૃદયજ છીપે મન૦-

શરદ શશિસમ વદનજ નિરખો, સંસાર સુખ વમી હૈડે હરખો;
ઉત્તમ મનુષ્ય જન્મ આ સરિખો, દશ દ્રષ્ટાંતે દુર્લભ પરખો;
વીરલા કર્મને જીપે મનહર મૂરતિ૦-૧

ભરતેશ્વરને રાજ્યે સ્થાપી, સુરવચને દાનવરસી આપી;
દારિદ્રય દીન જંતુના કાપી, ભાવદયા જસ હૃદયે વ્યાપી
તાર્યા વૃંદ મહીપે મનહર મૂર્તિઆ૦-૨

(B. C. D.)

શ્રી મહાવીરજીન સ્તવન.

(શું કહું કથની મારી રાજ—એરાગ)

પ્રણમું પદકજ તોરા નાથ, પ્રણમું પદકજ તોરા.
તું તો ભવજલ પાર ઉતારે નાથ પ્રણમું પદકજ તોરા, ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાન ધરૂં નિત્ય તોરૂં હૃદયે, જાપ જપું હું તોરા;
અપાર કરૂણા જલનિધિ સ્વામી, હિંસક પણ ઉધ્ધરીયા નાથ. ૨
સુરનર-કિન્નર-વાસુદેવા, પ્રણમે અંજલી જોડી;
એવા ઉત્તમ વીર પ્રણમતાં, ભાગે ભવભય ભ્રાન્તિ નાથ. ૨
દીન વત્સલ દીનબંધુ દયાનિધિ, સહજાનંદ સ્વરૂપી-
કિંકરજોડી અર્જ કરે શિશુ, અમને શરણુ એક તોરૂં નાથ. ૪

(B. C. D.)

## શ્રી જીન સ્તવન.

(અમે જઈશું, અમે જઈશું, હવે અમે જઈશું રાજ રંસભીના
તમે આવજો—એરાગ)

મોએ તારો, મોએ તારો, હવે મોએ તારો નાથ, જગતારૂ!
મોએ તારજો-મોએ તારજો.
પ્રભુ કરૂણા મુજપર લાવજો, શરણાગતને ઉધ્ધારજો,
મોએ તારજો.-મોએ તારો. ૧
અવગુણુ નિજ સેવકના જાણી, માફી કરજો કરૂણા આણી,
આંહ્યગ્રહીને નિજ કિંકરને પાર ઉતારજો, મોએ તારજો,
મોએ તારો. ૨

(B. C. D.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી જીન સ્તુતિનો ગરબો.

(સખી સહુ ચાલોરે, કુલડાથી ભરીએ કુલ છાબ–એ રાગ)

ભવિ સહુ ચાલોરે, સુમનથી સ્તવીએ શ્રી જીનરાજ;
ભાવોલ્લાસથી અર્ચન કરીએ, મોહાદિક સુભટગણુ હરીએ;
શીઘ્ર ભવસાગર તરીએ ભવિ૦ ૧

સાખીઃ—ધ્યાન અહર્નિશ ચિત્ત ધરો, અઘમોચનતા કાજ;
સાંસારિક બંધન ત્યજી, મેલવો શિવપદ રાજ;
સ્થિરચિ-તે ભાવપૂજા કરીશું.
કર્મો નિકંદીશું, ભવથી ડરીશું.
અક્ષય માલ વરીશું. ભવિ સૌ ચાલોરે. ૨

---

## "સદ્ગુણી ભગિનીઓને શિયલવ્રત રક્ષાર્થે ધારણ કરવા યોગ્ય આભૂષણો વિષે ગરબો"

(સખી સહુ ચાલોરે કુલડાથી ભરીએ કુલછાબ–એ રાગ)

સખી સહુ પાલોરે શીયલ અતી સુખકાર
મોહકારક દેહભૂષણુ ત્યજવા,
શીલ આભૂષણુ સુંદીર સજવા;
પતિ વિણુ અન્ય ન ભજવા સખી.—૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાખીઃ—શીલ રત્ન અનુપમ રીતે, રક્ષો કરી શુદ્ધ ચિત્ત;
શ્વસુર કુલ દીપાવીને, વર્તો નિજ કુલ રીત.
ટેકની ટીલડી લલાટે કરીએ,
લજ્જા કાજલ દ્રગ પર ભરીએ.
નાક વિનય વાળી ધરીએ સખી.—૨

સાખીઃ—ગોષ્ટી પર નર સાથની, વર્જો ધરી સુવિવેક;
બ્રાહ્મ્યાદિક સતીઓ તણા, વાંચો ચરિત્ર અનેક;
કેડે કુલીનતા કુંચી સજવી,
દાન ચુડી કરપર શુભ છજવી,
શીયલ સાડી નિત્ય ભજવી સખી—૩

સાખીઃ—પતિવૃત અલતોશુભ ધરો, શુદ્ધજીવન શણગાર
સુચાલ ઝાંઝર ઝમકતા, પહેરો પાદ મોઝાર;
સત્ય ટેક સુલસાજીમ ધરીએ,
ચંદનબાલાજીમ શિવપદ વરીએ.
જો સતીવ્રત શુદ્ધ ગ્રહીએ. સખી.—૪
સુલસાદિક સતીજીમ વર્તીશું,
ટેકે ઠરીશું, ભવધી દરીશું
શુભ શિવપંથ વરીશું સખી—૫
(૧૯૭૩ના આશો શુદ ૩ શુક્રવાર.)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સતીનો લાવણ્યમય શ્રૃંગાર.

સદાયે શોભજો ધારી, શિયળ શ્રૃંગાર સુંદરિઓ;
સફલ કરજો મહદ્ મોદે, મનુજ અવતાર સુંદરિઓ. ૧
વૃથા છે હેમને હીરા, વૃથા પુખરાજ ને પન્ના;
અમિત આભૂષણો કેરો, શિયળછે સાર સુંદરિઓ. ૨
સુગન્ધિ સેન્ટમાં શાની, અતરમાં છે નહીં એવી;
શિયળકેરી સુગન્ધિતો, અચળ રહેનાર સુંદરિઓ. ૩
જગતમાં મોહિની મંત્રો, શિયળથી છે નહી મોટા;
વિનાયત્ને દિયે અર્પી, પતિ જ્યાં પ્યાર સુંદરિઓ. ૪
બનાવેલી સહુ શોભા, ક્ષણિકછે એ ખરૂં માનો;
શિયળનો શોભતો હિરો, હૃદયપર હાર સુંદરિઓ. ૫
જીવિતભર દેવિયો જેવી, બને દુનિયા મહિં દાડી;
શિયળછે અન્તને વખ્તે, સ્વરગ દાતાર સુંદરિઓ. ૬
શિયળના દેવની સેવા, કરો જો સ્નેહ ધારીને;
નથી નથુરામ દેવોની, પછી દરકાર સુંદરિઓ. ૭

(કવિ નથુરામ સુંદરજી.)

---

## (સતીઓના નામે મોટા મુનિઓ નમે.—એરાગ)

સતીઓના સાચા ભૂષણુ શ્રવણુ કરોને સજની શાણી;
કુલીન રીતિને સમજી સદાએ, શમ-દમ સાધન સજીએ;

ક્રોધ-કુબોધ વિરોધને ત્યાગી, પતિપ્રભુચરણે નમીએ સતી.-૧
વિનય વિવેક ચિંતામણી સાજી, નિતી મૌક્તિકમાળ ગ્રહીએ;
નેક ટેકની યુગલ કરોમાં, સૌભાગ્ય ચૂડી ધરીએ સતી-૨
શીયળ અંબર શ્રેષ્ઠ સર્વથી, સદાચાર સંપત્તિ સાધો;
વ્યર્થ વિનશ્વરભૂષણ સર્વે; ચિત્ત થકી સહુ ત્યાગો સતી.-૩

(G. D. T.)

---

પૂજ્યપાદ પન્યાસજી શ્રી આનન્દસાગરજી
મહારાજના સ્વશિષ્ય સમુદાય તથા અન્ય મુનિવરો
સાથે સુરતમાં પ્રવેશોત્સવ સમયે ગવાયેલ સ્વાગત સૂચક

## શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળાના બોર્ડરોનો હર્ષોદ્ગાર.

### (રાગધનાશ્રી.)

આનંદ ઉર ન માય, અમ મન આનંદ ઉર નમાય,
સાગર આનંદ કેરો નિરખી, અંતર વિકસિત થાય. અમ૦ ૧
પંચ મહાવ્રત ધરવા ધીર, પાળવા મન વચ કાય. અમ૦ ૨
દેશોદેશ વિહાર કરીને, દેતા બોધ સદાય. અમ૦ ૩
સૂર્યપુરના આજ સુભાગ્યે, સંઘ કૃતારથ થાય. અમ૦ ૪
આપો વાચના, આગમ કેરી, સકળસાધુસમુદાય. અમ૦ ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાગરરત્નશાળાના શિશુઓ, અમ ઉર પણું લલચાય. અમ૦ ૬
દેશના વિદ્યાદાનની આપો, અમથી તત્ત્વ સુણાય. અમ૦ ૭
વિનતિઅમારી આનઅ્ર સુણીને,કરશો આભારીસદાય. અમ૦ ૮
(B. C. D.)

## શ્રી વીરજીન સ્તુતિ.

(રાગ–કલ્યાણ તાલ ચતુશ્રજાતિ એકતાલ માત્રા ૪)
વંદો પદ ત્રિશલા નંદના, જ્ઞાની મહા ગંભીરના વંદો.
સર્વ પુરંદર સેવિત સુંદર, ધર્મ ધુરંધર ધીરના વંદો. ૧
તીર્થપતિ તીર્થંકર શંકર; સ્વામી શ્રાદ્ધસમૂહનાં વંદો. ૨
વિશ્વવિનાયક જે શિવદાયક, દાતા સમકિત તીરના વંદો. ૩
નાથ નિરંજન ભવભય ભંજન, તાજ ઉજમના શિરના વંદો. ૪

## પ્રભુ પ્રાર્થના રૂપ મંગલાચરણ.

(રાગ)—
પ્રિયતમ પ્રભુ નમીએ આપને, જપીએ પાવન તુમ જાપને
પ્રિય૦ ૧
જ્ઞાન દીપક હૃદયે પ્રગટાવી, પૂર્ણ પ્રજાળો પાપને
પ્રિયતમ૦ ૨
બળ સાગર દુર્ગુણ બળરેડો, નસ નસ ઘોનીતિ છાપને
પ્રિયતમ૦ ૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમ અંતર દમતા કુવિચારો, પાત્ર થશે તુમ શાપને
પ્રિયતમ૦ ૪

આપ વદન શશી ગ્રહવા મથતાં, માંજો અમ મન આપને
પ્રિયતમ૦ ૫

પોતાના ગણી પાળો અમને, એજ અરજ માબાપને
પ્રિયતમ૦ ૬

૧ ઈંદ્ર ૨ શ્રાવક ૩ દીવો ૪ સાફકરો ૫ મનરૂપદર્પણને

# વિદ્યા-લક્ષ્મીનો મનોરંજક સુંદર સંવાદ.

पूष्णः प्रभेव कमलोन्नतिकृत्प्रहृष्ट,
सच्चक्रदक् सपदि हन्तितमां प्रसन्ना;
जाड्यं यदंह्रियुगली विमलीकृताशा,
सा भारती सृजतु कुन्दनिभा रतीर्मे ॥ १ ॥
( विजयप्रशस्तिकाव्य )

**પ્રાતઃકાલનો** મનોહર સમય હોવાને લીધે ઉષાકાલ વ્યાપેલો જણાતો હતો. મંદ મંદ પવન લહરીને લીધે ભોગી દંપતીઓએ હજી સુધી પણ પોતાની શય્યાનો ત્યાગ કરેલો જણાતો ન હતો. આકાશ મંડલમાં તારાઓ ચારે બાજુ ચલકતા દેખાતા હતાં. ધનિકો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ના ગૃહના દીપકોએ પણ હજી પોતાની પ્રકાશજનિતકાંતિ પૂર્ણ-પણે છોડી ન હતી. પ્રાતઃસંધ્યા કાંઇ કાંઇ ખીલતી દેખાતી હતી. પક્ષીયો પોતપોતાના માલામાંથી બહાર નીકળી ભારતી દેવિને પોતાની કલરવ માંગલિક ધ્વનિથી શુભાશિષ અર્પી રહ્યા હતા. દેવ-મંદિરોમાં ભક્તજનો ઘંટાનાદથી આત્માર્થી જનોને પ્રમાદથી બચવાની ચેતવણી આપી રહ્યા હતા. પનિયારીઓ પોતાની વ્હાલી સહચરીઓ સાથે પાણી ભરવા જતા પગમાં મધુરને ઝણઝણાટ ધ્વની ઉત્પાદક ઝાંઝરના ઝણકાર શબ્દોથી ભલભલા યોગીઓના ચિત્તને પણ હરણ કરતી હતી. સારથીઓ અશ્વરથોને ધીમે ધીમે ચલાવી રહ્યા હતા. આવા સમયે નિત્ય નિયમ પ્રમાણે નિદ્રાનો ત્યાગ કરી મુખાદિકનું પ્રક્ષાલન કરી સુંદીર વસ્ત્રો ધારણ કરી અમે બન્ને મિત્રો શારીરિક બલ વિકાશ કરવાના કારણે વ્યાયામ અર્થે તેમજ આરોગ્યતા માટે હવા ખાવા જતા એક રાજમાર્ગ પસાર કરતા ભિન્નભિન્ન વિષયો પર મનોરજક વાર્તાલાપ ચલાવતા આગલ ચાલતા હતા, ત્યાં રસ્તાને સાફ કરનારાઓ માર્ગસંમાર્જન કરી રહ્યા હતા. તેથી ઉડતી રજકણોથી બચવાને માટે અમો બન્ને મિત્રો એક બાજુ ખસી ગયા. તેવામાં નજીકના રમણીય દેખાવવાળા એક બંગલામાં એક યુવાન ગૃહસ્થ પોતાના કુટુંબીજનો સાથે અનેક પ્રકારના વિલાસમાં મગ્ન થઇ રહ્યો હતો. પણ તે દેખાવથી ને વાણીથી તદ્દન મૂર્ખ ને અવિવેકી જણાતો હતો તેની આવી સ્થિતિ જોઈ મને એકદમ આશ્ચર્ય લાગ્યું ને દિઙ્મૂઢ બની ગયો તેવામાં મારા નેત્ર નજીક-ના સામાન્ય ગૃહમાં એક યુવાન મનુષ્ય દેખવામાં સુંદર, વિવેકી ને અમૃત સમાન વચનોચ્ચાર કરતો દેખાતો હતો તેના પર પડયા

તે યુવાનની આર્થિક સ્થિત સામાન્ય હતી પણ તેની આજુ બાજુ અનેક પુસ્તકોરૂપી ધનરાશિ દશ્ય થતો હતો તે નિરંતર વિવિધવિદ્યા મેલવવામાં સદ્જ્ઞાનોપાર્જનમાંજ લીન દેખાતો હતો કે જેથી તેની સાથે વાતચિત કરનારને પણ અતીવ આનંદ ઉદભવે. આવા પ્રકારની હર્ષજનક તથા શોકજનક સ્થિતિનું અવલોકન કરી મને સંપૂર્ણ આશ્ચર્ય લાગ્યું તેમજ અન્તઃકરણમાં એકદમ ઉંડો નિશ્વાસ નાંખ્યે આદશ્ય મારી દ્રષ્ટિ સમક્ષ અનેકશઃ ખડું થયું. તેથી મારા મિત્ર સાથે આ વિષય સંબંધમાં અનેક પ્રકારે વાદવિવાદ થયો અને અન્તે અમો બન્ને મિત્રોએ વિદ્યા-લક્ષ્મી સંબંધી ની પ્રમાણેનો સંવાદ ચલાવ્યા બાદ તેજ વિષયપર વિચાર કરતાં કરતાં પોતપોતાના ઘર તરફ ગયા.

વિદ્યાપ્રિય-અનેક પ્રકારની વિદ્યાઓ મેલવી જેઓ પોતાની બુદ્ધિનો વિકાશ કરી ઉચ્ચ દરજ્જાની કોટીમાં ગણાય છે. તે મનુષ્યોને નિરતર વિદ્યાનો અપૂર્વ-આલ્હાદકારી આસ્વાદ ચિત્તમાં રમણ થયા કરે છે. સદ્વિદ્યાવાલા પુરૂષો સર્વત્ર વિજયી તથા પૂજનીક બને છે, તેમજ સર્વસ્થલે આતિથ્યસત્કારાદિ ઘણુંજ સારૂં માન પામે છે. જેણે બિલકુલ કેળવણીનો મિષ્ટ સ્વાદ ચાખ્યો નથી તેમજ જેઓ કેવલ કાળા અક્ષરને કુટી મારનાર હોય છે તે મૂખ-અભણ જનો કોઈ પણ સ્થલે સન્માન મેલવતા નથી યાતો લોકોમાં તેઓની મહત્ત્વતા કે પ્રતિષ્ઠા ગણવામાં આવતી નથી તથા અન્યજનોને તેઓનું ચરિત્ર કિંચિન્માત્ર આદરણીય થતું નથી. માટે દુનીયામાં સર્વ કરતાં વિદ્યાવાન્ સુશિક્ષિત મનુષ્યોની ગણત્રી અગ્રપદ ભોગવે છે અને તેથીજ હું લક્ષ્મી કરતાં અધીકછું. કહ્યું છે કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते' રાજા માત્ર પોતાના તાબાનો જેટલો મુલક હોય તેટલામાંજ માન મેલવે છે પણ સારી વિદ્યા જાણનાર પુરૂષ ગમેતે સ્થલે જાય તે બધે ઠેકાણે પ્રશંસનીય અને અતીવ સર્વજન પ્રિયકર થાય છે.

લક્ષ્મીપ્રિય—हे विद्याप्रिय सुहृद्वर?—તેં જે આવા અહંકારી વચનો કહ્યા તે ખરેખર અવિચારી તેમજ સાહસ ભરેલા છે. કોઈ પણ વિષય પર મત બાંધતાં લંબાણ દ્રષ્ટિથી દરેક મનુષ્યોએ વિચાર કર્યા સિવાય પોતાનો અભિપ્રાય એકદમ દર્શાવવો નહિં જોઇએ. નીતિશાસ્ત્રકારોએ પણ કહ્યું છે કેઃ—

सहसा विदधीत न क्रिया, मविवेकः परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः ॥

સાર—કોઇ પણ કામ એકદમ નહિં કરવું જોઇએ. કારણકે વિવેક વિનાનું કામ અત્યંત સંકટનું કારણ થઈ પડે છે. વિચાર પૂર્વક કામ કરનારાઓને સંપત્તિઓ સ્વયમેવ આવીને વરમાલારોપણ કરે છે અને એ ગુણના આશક બને છે. માટે વિદ્યાપ્રિય બન્ધુ ? જો તું વિશાલ દ્રષ્ટિથી વિચાર કરશે તો જણાશે કે તારાથી કોઇ પણ ઇચ્છિત કામ સિદ્ધ થતું નથી- કારણ કે વિદ્યા મેળવેલ પુરૂષો મારા માટે નિર્ધન અવસ્થામાં દેશો દેશભ્રમણ કરે છે તેમજ લક્ષ્મીપતિ ધનવંતો પાસે આવી ચાકરની જેમ બની ધનની પ્રાર્થના કરે છે ને પોતાની શક્તિ મુજબ નોકરી કરી પૈશા મેલવી પોતાનું ગુજરાન ચલાવે છે તો હવે ત્હારે સ્વીકારવું જ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડશે કે હું તારા કરતાં અધિકપદ ભોગવું છું કે કેમ ? તે જવાબ આપ નહિંતો મારી શ્રેષ્ઠતાનો સ્વીકાર કર.

**વિદ્યાપ્રિય**—ખરેખર લક્ષ્મીપ્રિય ભાઇ? આ વચનો હું તો એમ માનું છું કે તમારા મુખમાંથી નિકલતાં નથી. પરંતુ દૈવદોષથી તમો મોહમદીરામાં મસ્ત થયેલ પુરૂષની માફક ભૂલથાપથીજ આવા વચનો બોલો છો. નહિં તો જે વિદ્યાથી દરેક પ્રાણીઓ ૧ હેય (છાંડવા યોગ્ય શું છે ? તે) ૨ જ્ઞેય (જાણવા યોગ્ય શું છે? તે) વસ્તુનું ભાન થાય છે તે સરસ્વતી દેવીની અવગણના કરવી તે કેટલી બધી મૂર્ખાઇની વાત કહેવાય. આમાં તમારો કાંઇ પણ દોષ નથી પણ દોષમાત્ર દૈવનોજ છે ને તે દૈવના શ્રાપને લીધેજ તમો તમારી આવા ભૂલભર્યા મત બાંધવામાં તે વિષય પ્રતિની અજ્ઞેયતાજ સૂચવો છો. આપણી ભાષામાં એક સાદી કહેવત છે કે "ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?" આ વાતને તમોએ પણ તાજીજ કરી બનાવી છે ઠીક છે કે જેને જે દિશાનું ભાન હોય તેનું ગમન હંમેશાં તેજ દિશામાં થાય છે. તેઓને આના કરતાં અન્ય સારો માર્ગ છે કે નહિં તેની ખબર પણ હોતી નથી. તેથી તેણે જે માર્ગ પકડેલો હોય તેનેજ પોતાના મનથી સારો ગણે છે. નહિંતર જેના પ્રતાપથી જેની સહાયથી આપણે સર્વ પ્રાણીઓ એટલે (દેવ-મનુષ્ય-નારકી-તિર્યંચ એ ચાર ગતિની અંદર અધિક ગણાઈ નરો (મનુષ્યો) કહેવાઇએ છીએ. નરો એટલે કે नृणंति निश्चिन्वन्ति वस्तुतत्त्वमिति नराः मनुष्याः અર્થાત્ સરસ્વતીનાં બલથી પદાર્થના તત્ત્વનો આ સારો છે, આ નઠારો છે

એમ નિર્ણય કરી શકીએ છીએ તેથીજ આપણે નરો કે મનુષ્યો કહેવાઈએ છીએ ) તેવા પરમ પૂજ્ય સરસ્વતી દેવીની સહાય: આપણે જો ન લીધી હોત તો ખરેખર આપણે પણ પશુ પક્ષીની માફક તિર્યંચની પંક્તિમાંજ ગણાત માટેજ કરીને લક્ષ્મી કરતાં સરસ્વતીના ઉપાસકો હજાર ગણે દરજ્જે શ્રેષ્ઠતા ભોગવનારા છે. એમ તમારે માન્યા વિના છુટકો નથી

**લક્ષ્મીપ્રિય**—સરસ્વતી ઉપાસક મિત્રવર ! મ્હારા કરતાં તારી અધિકતા બતાવવા તેં જે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે તેનો ઉપકાર માનતા મ્હારે જણાવવું જોઇએ કે તારી ઉપાસના કરનારાઓ વર્તમાન જમાનામાં સ્થલે સ્થલે ભીખ માગીને પોતાની જીંદગી સંપૂર્ણ કરે છે અને મોટા મહદ્ધિક પુરૂષો પાસે દીન વદને-કરૂણાલ દ્રષ્ટિએ આવી મોટા મોટાં કવિતો-સ્તુતિઓ-શ્લોકો વિગેરે તેઓના ગુણગાન તરીકે રચી તેઓને રીઝવી-સંતોષી ધનની યાચના કરતા નજરે પડે છે. એમ યાચના કરતાં પોતાના પોષણ યોગ્ય કાંઇક ધન મેલવે તો પણ તેથી સંતોષ ન પામતા અધિકાધિક સેવા ચાકરી કરી સતત્ પરિશ્રમ ઉઠાવી રાત-દિવસ મારા માટે મચ્યા રહે છે માટે વિદ્યા ભણેલાઓની કોડીની પણ કિંમત નથી ઉલટા તેઓને પૈસાદારના ચરણ કમલમાં દંડવત્ પ્રણામ કરવા પડે છે. જો લક્ષ્મીનો સદુપયોગ સારા માર્ગે થાય તો અપૂર્વ લાભ મેલવાય માટે દુનીયામાં મારી ઉતમતા અને મહત્ત્વતા સર્વજનો એકે અવાજે સ્વીકારે છે........................................

લક્ષ્મીના વિલાસોમાં પૈસાદાર લોકો કેવી મોજ-મજા માનનાર તેમજ સુખ ભોગવનાર હોય છે જ્યારે વિદ્યાના ઉપાસકોની સ્થિતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિનપરદિન કંગાલના જેવીજ દેખવામાં આવે છે વિદ્યા ભણેલ ગુણવાન પુરૂષો પણ ધનિકની પાસે ખુશામત કરી અનેક પ્રકારની ઉપમાઓ તેમજ વિશેષણો તથા છત્રપ્રબંધ, હારપ્રબંધ આદિ પ્રબંધો રચીને તેના ગુણોનું વર્ણન કરી તેની કૃપા મેલવે છે જો કાંઈક ધનવાન્‌ની દ્રષ્ટિ સારી થાય તો મનમાં પોતે આનન્દ માને. નહિતો ખેદ ધારણ કરે છે કહ્યું છે કેઃ—

दृशां प्रान्तैः कान्तैः कलयति मुदं कोपकलितै,
रमीभिः खिन्नः स्याद्घनधननिधीनामपि गुणी ।
उपायैः स्तुत्याद्यैः कथमपि स रोषानपनये,
दहो मोहस्येयं भवभवनवैषम्यघटना ॥ १ ॥

**સારાંશ**—ગુણવાન્‌ વિદ્વાન્‌ પુરૂષ પણ ઘણા ધનના ભંડાર રૂપ ધનવાનની દ્રષ્ટિને જો પ્રસન્ન જુએ તો હર્ષિત થાય છે અને ક્રોધ સહિત જુએ તો ખેદ પામે છે તેમજ સ્તુતિ આદિ ઉપાયો થી કોઇ પણ પ્રકારે તેનો ક્રોધ દૂર કરે છે અહો? આ સંસારમાં મોહ રાજાની રચના કેવી વિષમ છે?

**સરસ્વતી ઉપાસક—પ્રિયભાઇ લક્ષ્મીઉપાસક !**—લક્ષ્મીવાલાઓને સરસ્વતીના ઉપાસકો પગે પડતા નથી પણ વિદ્વાન અગાડી પૈસાદાર લોકો તેઓના ચમત્કારી વિદ્યાગુણથી લોહચુમ્બકની માફક આકર્ષાઇ યથાર્થ સત્કાર કરવા પૂર્વક લટ્ટુ બની જાય છે. જેઓ સંપૂર્ણ ભાષાની વિદ્યા મેલવી વિદ્વાન્‌ વકતા બન્યા છે તથા લોકો સમક્ષ સાર્વજનિક હિતકર મહાન્‌ કાર્યો કરી જનપ્રીતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારી રીતે સંપાદન કરેલી છે તેઓને શ્રીમન્તો પાસે સેવક તરીકે રહેવું પડતું નથી પણ શ્રીમન્તો તેઓના દાસ બની રહે છે તેને માટે તમારી સમક્ષ નિરંતર અવલોકન થતું એક તાજુંજ જ્વલંત દ્રષ્ટાન્ત સાંભલશો તો તમને જણાશે કે પૈસાવાલાઓ વિદ્યાવાલા પાસે કાંઇ પણ હિસાબમાં નથી. આપણા હિંદુસ્થાન દેશના હીરા સમાન, સૌરાષ્ટ્ર દેશની દીપ્તમંત કીર્તિ ટકાવી રાખનાર તથા અડગનિશ્ચયી, આફ્રિકામાં સત્યાગ્રહની ન્યાય નીતિસર લડત ચલાવી હિંદુસ્થાનના લોકોનો હક્ક પાછો મેલવી અપાવનાર સત્યાગ્રહી કર્મવીર મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી બેરિસ્ટર એટલો કે જેઓએ ઇંગ્લીશ, નૈતિક, ધાર્મિક, વ્યાવહારિક, આદિ અનેક પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરી પોતાનું નીતિમય જીવન સર્વસ્વ દેશ સેવામાંજ અર્પણ કર્યું છે તેઓને નથી ધનની પરવા, નથી કુટુંબની પરવા કે નથી ધનવાનોની પરવા, માત્ર તેઓ 'બોલી બતાવવા કરતાં કરી બતાવવું' એજ શ્રેષ્ટ છે એ વાકયાનુસાર કર્ત્તવ્ય પરાયણ થઇ દેશસેવાનું મહાન્ સૂત્ર શિખી બીજાઓને શિખવે છે તેમજ તેઓનું પવિત્ર ચારિત્રમય અને નીતિમયજીવન દેશના જનસમૂહને આદર્શણીય થાય છે. તેઓ પોતે બેરિસ્ટર જેવો ઉચ્ચ હોદ્દો ધરાવનાર હોવા છતાં પણ સાદાઈ એટલી બધી છે કે દરેક કામ પોતાના હાથેજ કરે છે આ સિવાય ધાર્મિક દ્રષ્ટિએ તપાસીએ તો જૈન તત્વોના સંપૂર્ણ ગ્નાતા, આગમોદ્ધારક પૂજ્યપાદ પન્યાસજી શ્રીમાન્ આનન્દસાગરજી મહારાજ કે જેઓની અપૂર્વ વિદ્વત્તાની આખી જૈન કોમ તો શું પણ જનેતર કોમ પણ એકે અવાજે પ્રશંસા કરે છે. આ સર્વ તેઓશ્રીનું અગાધ બુદ્ધિબલ તથા અખુટ ગ્નાનશકિતનોજ પ્રભાવ

છે. જ્ઞાનના અવર્ણનીય–અદર્શનીય સુખ આગલ આ તમારા લક્ષ્મીના વૈભવવિલાસોનું ક્ષણભંગુર અને વર્ણનીય સુખ કોડી કિંમતનું નથી. તેમજ લક્ષ્મીમાં એક અસ્થિરતાનો મોટો દોષ છે. તેથીજ લોકો તેને ચપલા કહે છે. એક કવિએ કહ્યું છે કે:—

' अव्यवस्थितचित्तानां, प्रसादोऽपि भयङ्करः '

અસ્થિર ચિત્તવાલા પ્રાણીઓપર મહેરબાની કરવી તે પણ ભય ઉપજાવનાર છે. તેનામાં આ પ્રમાણે ચપલતા દોષ હોવાથી યોગી મહાત્મા પુરૂષો તેનાથી નિરંતર ઉદાસીન વૃત્તિ ધારણ કરી દૂર રહે છે અને કહે છે કે:—

विद्युत लक्ष्मी प्रभुता पतंग, आयुष्य तेतो जलना तरंग।
पुरंदरी चाप अनंग रंग, शुं राचीए त्यां क्षणनो प्रसंग ॥

સારાંશ એ છે કે વિજલીના ચમકારાની પેઠે લક્ષ્મી એક ક્ષણમાં વિનાશ પામવાની છે, પ્રભુતા (ઐશ્વર્ય–ઠકુરાઈ) પતંગના રંગ જેવી છે, આયુષ્ય પાણીના મોજા જેવું છે યૌવન કાચબીના રંગ જેવું છે તો આ ક્ષણભંગુર પદાર્થમાં સ્નેહ ધારણ કરી શું રાચ્યા માચ્યા રહેવા જેવું છે ? અર્થાત્ કાંઈજ નથી. જે ઓના પવિત્ર ચરણકમલોથી આ પૃથ્વી પવિત્ર ગણાય છે તેવા વિદ્વાન્ નરવરોએ લક્ષ્મીને તિરસ્કાર પાત્ર ગણી છે તો હવે તમારે અમારો પક્ષ સ્વીકારવોજ પડશે કે લક્ષ્મી કરતાં સરસ્વતી સહસ્ત્રધા શ્રેયસ્કર છે.

લક્ષ્મીપ્રિય—તમોએ કહેલ સર્વ બિના મેં બરોબર ધ્યાન દઈ સાંભલી છે. પણ વિદ્યાવાલા માણસને લક્ષ્મીવાલાની સહાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિના ચાલતુંજ નથી. કારણ કે દુનીયામાં પણ જે લક્ષ્મીવાલા હોય છે તે મોટા પુરૂષ ગણાય છે. ગમે તેટલી બી. એ. એલ. એલ. બી કે મોટી સોલીસીટર કે બેરીસ્ટરની ડીગ્રી મેલવી હોય તથાપિ નોકરી માટે શેઠીયાઓને સાતવાર હંમેશા સલામ કરવી પડે છે. અમારે પૈસાવાલાને તો પૈસાથી દરેક કામ થાય છે "જર ચાહે સો કરે" પૈસાથીજ ગાડી, ઘોડા, વાડી, બંગલાની મોજ મજા માણી શકાય છે તેમજ પૈસાથીજ ખાનપાન, ગાનતાન, ને એશઆરામમાં. ઉદયાસ્તની ખબર વિના નિશ્ચિંત પણે દિવસો સુખ પૂર્વક પસાર થાય છે, પુત્રપુત્ર્યાદિ સંતતીના લગ્ન કરી, મોટા ભભકાદાર વરઘોડા કાઢી, ન્યાત જમાડી સંસારના દરેક લ્હાવાઓ લઇ શકાય છે અને જીવનનું ખરેખરૂં સાર્થક પણ એજ છે.

**વિદ્યાપ્રિય**—ઉપરોક્ત સુખ જે તમોએ બતાવ્યું તે સર્વ પૌદ્ગલિક સુખ અને ક્ષણભંગુર છે તે સુખ કાંઇ નિરંતર ટકતું નથી અથવા તેથી આત્મિક આનંદ કે જે સદા સ્થાયી છે તે પણ ઉદ્ભવતો નથી. તમારા મોઢેજ તમે ન્યાય કર્યો કે લક્ષ્મીથી ગર્વ, આલસ, બેભાનતા વિગેરે દુર્ગુણોનો પ્રવેશ થાય છે મોજમજા કે એશઆરામ એ તો સ્વાર્થસાધના છે તેનાથી પરતું કલ્યાણ કાંઇ થતું નથી. ખરો પૈસાદાર તો ત્યારેજ કહેવાય કે પોતાની લક્ષ્મીનો સદુપયોગ પરોપકાર, દયા, દેશ હિતાર્થે કે સારા ધાર્મિક માર્ગમાં ગર્વ રહિત પણે કરે. કહ્યું છે કેઃ—

દેશ હિતમાં ચિત્ત પરોવી, આપે સારૂં ઉત્તેજન,
ગર્વ વિનાનું મન છે જેનું, ધન્ય ધન્ય તેને ધન્ય ધન્ય;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુણ્ય સાથ આવ્યાનું સમજી, દામની નહિં રાખે દરકાર;
નાણું ચંચળ મનમાં સમજે, ધન્ય દિસે તેનો અવતાર;

દરેક પ્રકારની વિદ્યા મેલવવાથી અભણ માણસને પણ ચમત્કાર ઉપજી બેહદ ખુશાલી ઉદ્દભવે છે પાણીમાં શું પદાર્થ છે? વનસ્પતિ શાથી ઉગે છે, ગરમી એ શું ચીજ છે આ સર્વ વિદ્યાના પ્રયોગથી જણાય છે. પ્રાણીશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, સંગીતશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, ચિત્રકલા, રાજનીતિ પ્રકરણ, કાયદાપ્રકરણ ધર્મશાસ્ત્ર ભાષાશાસ્ત્ર આદિ અનેક શાસ્ત્રો સરસ્વતી દેવીની સહાયથી જાણી શકાય છે. તેમજ જાણવાથી અપૂર્વ આનંદ અનુભવાય છે. લક્ષ્મીનો જો સદુપયોગ થાય તો સારો લાભ મેલવાય છે પણ તે સદુપયોગ બુદ્ધિમત્તા વિના થઇ શકતો નથી અને બુદ્ધિમત્તા પણ સરસ્વતીની સહાયથીજ જન્મ લે છે. વલી જ્ઞાન વિના દેખતા છતાં કેવલ અંધકારજ ભાસે છે કારણ જ્ઞાન એ મનુષ્યોના બે બાહ્ય લોચન ઉપરાંત ત્રીજું આંતરિક નેત્ર છે, તેમજ વળી લક્ષ્મી વડે કદાચ આ જન્મમાંજ મને માનતા વિષયભોગાદિ સુખો કે જે અન્તે વિનાશકારી તેમજ ક્ષણિક છે તે પ્રાપ્ત થાય પણ જ્ઞાનથી તો ભવોભવના પાપો ક્ષય થઈ અનંત શાશ્વત મોક્ષ સુખ પણ છેવટે મલે છે જૈન શાસ્ત્રમાં તત્વાર્થ સૂત્રના પ્રથમ અધ્યાયના પહેલા સૂત્રમાં શ્રીમાન્ ઉમાસ્વાતિવાચકજીએ કહ્યું છે કેઃ—" सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" ૧ સમ્યગ્ દર્શન ૨ સમ્યગ્ જ્ઞાન ૩ સમ્યગ્ ચારિત્ર એ ત્રણ મોક્ષ સાધનના કારણો છે. વ્હાલા ? જ્ઞાનનો અપુર્વ આનંદ મ્હારાં હૃદયથી ઉભરાઈ જાય છે. જો તે કોઈ વસ્તુ હોત તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તને સાક્ષાત્ બતાવી આપત પણ અદૃશ્ય પદાર્થ હોવાથી લાચાર છું તું જરા વિશાલ દ્રષ્ટિથી વિચાર કરશે તો હને સાક્ષાત્ ખબર પડશે કે લક્ષ્મી કરતાં સરસ્વતીનો સ્વભાવ તદન જુદોજ છે કહ્યું છે કેઃ—

न चौरहार्यं न च राजग्राह्यं, न भ्रातृभाग्यं न करोति भारं ।
व्यये कृते वर्धत एव नित्यं, विद्याधनं सर्वधनप्रधानं ॥

**તાત્પર્ય**—વિદ્યારૂપી ધનને ચોર ચોરી શકતા નથી, રાજાથી લઈ શકાતું નથી, ભાઈપણ ભાગ પાડી શકતો નથી, ગમે તેટલું હોય છતાં ભાર પડતો નથી, ખર્ચ કરતાં એટલે કે બીજાને આપવાથી ઉલટો વધારો થાય છે એવા પ્રકારનું વિદ્યા રૂપ શ્રેષ્ઠ ધન સર્વ ધન કરતાં સર્વોત્તમ ગણાય હેમાં શું આશ્ચર્ય? અર્થાત્ કાંઈ આશ્ચર્ય નથી.

**લક્ષ્મીપ્રિય**-પ્રિયબંધુ ! આપનું કહેવું અક્ષરશઃ સત્ય છે તેમજ હવે હું પણ યથાર્થ સ્વીકાર કરૂં છું કે માણસ ગમે તેવો દરિદ્રી હોય પણ સરસ્વતી દેવીનો પ્રસાદ પામી ઉન્નતિના શિખરે પહોંચે છે તેમજ આત્મિક ઉન્નતિ પણ કરી શકે છે તેમજ તેની પાસેના સદ્‌વિદ્યા ગુણોથી લલચાઈ મારે પણ તેની પાશે હાજરી આપવી પડે છે કહ્યું છે કેઃ—"गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः" ગુણો તેજ પૂજવા લાયક છે પણ ગુણવાન માણશોમાં જાતી કે ઉમર જોવામાં આવતી નથી.

વિદ્યાપ્રિયમિત્રવર! बुद्धेः फलमकदाग्रहः એ નીયમાનુસાર તમારૂં ગમન થયેલ જોઇ મને ઘણો આનંદ ઉપજે છે છેવટ નીવે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દન કરવાનું કે વિદ્યાથી માણસનુ મન કસાઇ વીકાશ પામે છે તથા બીજી પણ આત્મીકશકિતઓ બલવાન કરી ઇચ્છિત કામ સાધી શકાય છે. અને અન્તે પરમપદ મોક્ષ સુખ પણ મળે છે માટે નીરંતર અનેક પ્રકારની વિદ્યા મેળવવા કટીબદ્ધ થવું જોઇએ. તથા તે દ્વારા અક્ષયસુખની પ્રાપ્તિની અભીલાષા ધારણ કરવી જોઈએ.

ઇતી શ્રી વિદ્યા-લક્ષ્મીસંવાદ સંપૂર્ણ.

## "શ્રી જીનેશ્વર પ્રભુના નવ અંગે પૂજા કરતા બોલવાના દુહા."

( અવિવાહિત કન્યાઓનું ધોરણ ૧ લું )

**જલ ભરી સંપુટપત્રમાં, યુગલિક નર પૂજંત;**
**રૂષભ ચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત. ૧**

**વિવેચન**—(જ્યારે રૂષભદેવ પ્રભુને રાજ્યાભિષેક કરવા માટે ઇન્દ્ર મહારાજ પધાર્યા ત્યારે યુગલીઆ કમલપત્રના દડીઆમાં રાજ્યાભિષેક કરવા માટે પાણી લઇ આવ્યા. એવી રીતે તેઓ વિનયવાન જણાવાથી તે નગરીનું નામ તે વખતે 'વિનીતા' એવું પાડયું. હવે ભગવાનનો સંપૂર્ણ અંગે અલંકારોથી શોભાયમાન છે તેથી યુગલીક પુરૂષોએ વિચાર કર્યો કે આપણે જલનો અભિષેક કયે સ્થલે કરવો? છેવટે પ્રભુના ચરણનો અંગુઠો ફક્ત જડી આવવાથી તે સ્થલે જલાભિષેક કર્યો) યુગલિક ( એક સાથે જોડબંધ જન્મેલા પુરૂષોએ ) કમલપત્રના દડીયામાં પાણી લઇને પૂજેલો એવો શ્રી રૂષભદેવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવાનના ચરણકમલનો અંગુઠો સંસાર સમુદ્રનો પાર ઉતારનાર છે માટે તે પૂજવા યોગ્ય છે એવી ભાવના ભાવી ભગવાનના જમણા તથા ડાબા અંગુઠે પૂજા કરવી. ૧

જાનુ બલે કાઉસગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ. ૨

**અર્થ**:—જે ઘુંટણના જોરથી શ્રી ભગવાન કાઉસગ ધ્યાનમાં રહ્યા તથા જેના બલથી દેશ-પરદેશમાં વિહાર કર્યો અને જેનાથી ઉભાં થકાં કેવલજ્ઞાન મેલવ્યું તે શ્રી રૂષભદેવ મહારાજ (નરેશ)ના ઢીંચણની પૂજા કરો. કેમકે તે સઘલાં કાર્ય જાનુના બલ સિવાય થઇ શકતાં નથી ( અથવા હેનરેશ ( રાજાઓ ) ! તેજાનુ તમે પૂજો)૨

લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન;
કરકાંડે પ્રભુ પૂજના, પૂજો ભવી બહુમાન. ૩

**અર્થ**:—પાંચમા શ્રી બ્રહ્મદેવલોકના અગ્રભાગને વિષે રહેલા લોકાંતિક દેવતાના વચનથી જે હાથના કાંડાએ અખિલ જગતમાં વરશીદાનનો વરસાદ વરસાવ્યો તે કાંડાની હે ભવ્ય પ્રાણીઓ! તમે ઘણા શુદ્ધ ભાવથી અર્ચા કરો. પ્રભુને દીક્ષાનો અવસર થયેથી લોકાંતિક દેવો આવીને વિનતી કરે છે જે હે પ્રભુ! આપને હવે દીક્ષા અવસર સમીપ હોવાથી યાચકવર્ગને દાનની કૃપા કરો તે ઉપરથી ભગવાન એક વરસ દિવસ સુધી દાનની વૃષ્ટિ કરે છે. શંકા-અત્રે કોઈ એવી આશંકા કરે કે "લોકાંતિક" એટલે તો લોકને છેડે રહેલા દેવ એવો અર્થ થવો જોઇએ અને બ્રહ્મ દેવલોક તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકને અંતે નથી તેનું કેમ? સમાધાન—આ સ્થલે "લોક" શબ્દે કરીને "સંસાર" એવો અર્થ થાય છે એટલે "લોકાંતિક" નો અર્થ સંસારના અંતે રહેલા, એકભવી. ચરમભવી (કેમકે) એક ભવ કરી મોક્ષે જવાવાલા છે) લેવો. ૩

માન ગયું હોય અંશથી, દેખી વીર્યઅનંત;
ભુજાબલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત. ૪

અર્થ—માનને રહેવાનું ઠેકાણું જે બંને ખભા છે એવા જેના બંને ખભામાંથી પોતાની અનંત શક્તિ જોઇને સઘલું અહંપદ વિરામ્યુ છે (નાશ પામ્યું છે) તથા જે હસ્તબલે કરીને સંસાર સમુદ્ર તરી ઉતર્યા છે એવા જે ભગવાનના બંને ખભા તેની તમે પૂજા કરો. ૪

સિદ્ધ શિલા ગુણ ઉજલી, લોકાંતે ભગવંત;
વસીયા તેણે કારણ ભવી, શિર શિખા પૂજંત. ૫

અર્થ—ચૌદ રાજલોકના અગ્રભાગપર રહેલી એવી સ્ફટિક રત્નમય શ્વેતવર્ણી સિદ્ધશિલા (સિદ્ધના જીવોને રહેવાનુ સ્થાન) તે ઉપર ભગવાન બિરાજમાન થયા તે કારણથી હે પ્રાણીઓ! તેમના મસ્તકનો અગ્રભાગ (શીખા) પૂજવા યોગ્ય છે. ૫

તીર્થંકર પદ પુણ્યથી, તિહુઅણ જન સેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત. ૬

અર્થ—જે પુણ્યના પ્રભાવે શ્રી તીર્થકરની ઉચ્ચ પદવી ઉપાર્જન કરી છે તેથી ત્રણ જગતના લોકને સેવવા યોગ્ય છે તથા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રણ ભુવન (સ્વર્ગ મૃત્યુ, પાતાલ) ને દીપાવવાને તિલક સમાન છે. તેમના કપાલે (લલાટ ભાગે) તિલક જયવંતુ વર્તો. ૬

સોલ પહોર પ્રભુ દેશના, કંઠ વિવર વર્તુલ;
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગલે તિલક અમુલ. ૭

**અર્થ**—શ્રી મહાવીર પ્રભુએ સોલ પહોર સુધી અસ્ખલિત રીતે દેશના દીધી એવો જે કંઠ તેના ગોલ છિદ્રમાંથી અર્થાત્ મુખમાંથી જે અતિ પ્રિય વાણીને દેવ તથા મનુષ્ય વિગેરે સાંભલે છે તે વાણી જે ગલામાંથી નિકલે છે તે ગલાને અમૂલ્ય એવું તિલક કરો. ૭

હૃદય કમલ ઉપશમ બલે, બાલ્યા રાગને રોષ;
હિમ દહે વનખંડને, હૃદયતિલક સંતોષ. ૮

**અર્થ**—હૃદયકમલમાં રહેલા સમભાવના પ્રતાપથી જેમણે રાગ તથા દ્વેષને ભસ્મીભૂત કરી નાંખ્યા છે (અત્રે કોઈ શંકા કરેકે શાન્ત એવા શીતલ ભાવથી રાગ–દ્વેષ શી રીતે બલી શકે ? કેમ કે શીતલ વસ્તુનો બાલવાનો સ્વભાવ નથી પણ તેથી ઉલટો શાન્તિકરણ ગુણ છે. તેને ઉત્તર આપવાને કહે છે કે જેમ હિમ (બરફ) જો કે અતિ શીતલ છે છતાં વનના સમૂહને બાલી નાખવા સમર્થ થાય છે તેમ તથા ક્રોધ ઉપશમથીજ વિરામે છે તેવીજ રીતે ભગવાને પણ ઉપશમગુણથી રાગ–દ્વેષ ખપાવ્યા છે માટે જે હૃદયના ઉપશમબલથી રાગદ્વેષનો નાશકર્યો છે તે હૃદયે સંતોષ પૂર્વક તિલક કરો. ૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રત્નત્રયી ગુણ ઉજલી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિ કમલની પુજના, કરતાં અવિચલ ધામ. ૯

**અર્થ**—જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી જે ત્રણ રત્નો ગુણે કરીને ઉજ્વલ છે તથા જેને વિષે સઘલા ઉત્તમ ગુણોએ હમેશને માટે આરામ લીધો છે (વાસ કીધો છે) તે રત્નત્રયીને રહેવાનું સ્થાન જે નાભિકમલ તેની પૂજા કરતાં કદી પણ ચલાયમાન નહિ થાય એવું સ્થાન (મોક્ષ) તે પ્રત્યે પામો. ૯

ઉપદેશક નવતત્ત્વના, તેણે નવ અંગ જીણંદ
પૂજો બહુવિધ રાગશું, કહે શુભ વીર મુણિંદ. ૧૦

**અર્થ**:—ઉપર દરેક અંગની પૂજાના કારણો દર્શાવવા પૂર્વક વર્ણન કર્યું હવે નવે અંગને આશ્રયી કહે છે કે શ્રી જીનેશ્વર ભગવાન જીવાદિક નવતત્ત્વના પ્રતિબોધ પમાડનાર હોવાથી તે જીનેંદ્ર ભગવાનના નવે અંગે ઘણી ઘણી જાતના રાગે કરી (વિધવિધ પ્રકારે કરી) અર્ચા કરો એવું આ દશ દુહાના રચનાર શ્રી વીરવિજયજી મહારાજ કહેછે. ૧૦

## હિતશિક્ષા છત્રીશી.

**( અવિવાહિત કન્યાઓના બીજા ધોરણ માટે )**

(સાંભળ રે તું સજ્જની મારી–એ દેશી અથવા સારૂં સારૂં રે સુરત શહેર. એ રાહ )

સાંભળજો સજ્જન નરનારી, હેત શિખામણ સારીજી;
રીસ કરે દેતાં શીખામણ, ભાગ્યદશા પરવારી સુણજો સજ્જનોરે.

લોકવિરૂદ્ધ નિવારણ સુણજો સજ્જનોરે. જગત વડો વ્યવહાર–સુ. ૧

મૂરખ બાળક જાચક[1] વ્યસની, કારૂને[2] વળી નારૂજી[3];
જો સંસારે સદા સુખ વંછો, ચોરની સંગતિ વારો. સુ. ૨
વેસ્યા સાથે વણજ ન કરીએ, નીચશું નેહ ન ધરીએજી;
ખાંપણ[4] આવે ઘરધન જાવે, જીવિતને પરિહરીએ. સુ. ૩
કામ વિના પરઘર નવિ જઇએ, આળ[5] ગાળ ન દીજેજી;
બળીઆ સાથે બાથ ન ભરીએ, કુટુંબ કલહ નવ કીજે, સુ. ૪
દુસ્મનશું પરનારી સાથે, તજીએ વાત એકાંતેજી;
માતા બહેન મારગ જાતાં, વાત ન કરીએ રાતે. સુ. ૫
રાજા રમણી ઘરનો સોની, વિશ્વાસે નવિ રહીએજી;
માત-પિતા-ગુરૂ વિણ બીજાને, ગુહ્યની[6] વાત ન કહીએ. સું. ૬
અણજાણ્યા શું ગામ ન જઇએ, ઝાડતળે નવિ વસીએજી;
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દૂર ખસીએ. સુ. ૭
રમત કરતાં રીસ ન કરીએ, ભય મારગ નવિ જઇએજી.
બે જણ વાત કરે જિહાં છાની, તિહાં ઉભા નવિ રહીએ. સુ. ૮
હુંકારા વિણ વાત ન કરીએ, ઇચ્છા વિણ નવિ જમીએજી;
ધન-વિદ્યાનો મદ પરિહરિયે, નમતા સાથે નમીએ. સુ. ૯
મૂરખ જોગી રાજા પંડિત, હાંસિ કરી નવિ હસીએજી;
હાથી-વાઘ-સરપ-નર વઢતાં, દેખીને દૂર ખસીએ. સુ. ૧૦

---

૧ યાચક—ભીખારી ૨ કારૂ-કોળીની એક જાત. ચોર. ૩ નાર જાતનું પ્રાણી તે બહુ લુચ્ચું હોય છે. ૪ ખોટ, દોષ. ૫ તહોમત આવ્યે અગર ખોટી આળ લઇ ૬ છાનીવાત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુવા કાંઠે હાંસિ ન કરીએ, કેફ કરી નવિ ભમીએજી;
વરો ન કરીએ ઘર વેચીને, જુગટડે નવિ રમીએ. સુ. ૧૧
ભણતાં ગણતાં આળસ તજીએ, લખતાં વાત ન કરીએજી;
[૭]પરહસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરીએ. સુ. ૧૨
નામું માંડો આળસ છંડી, દેવાદાર ન થઇએજી;
કષ્ટ–ભયાદિક સ્થાનક વર્જી, દેશાવર જઇ રહીએ. સુ. ૧૩
ધનવંતો ને વેશમલિનતા, પગસ્યું પગ ઘસી ધોવેજી;
[૮]નાપિત ઘર જઇ શીશ મુંડાવે, પાણીમાં મુખ જોવે. સુ. ૧૪
નાવણ ધોવણ સુંદર ન કરે. બેઠો તરણાં તોડેજી;
[૯]ભુંએ [૧૦]ચિત્રામણ નાગો સુએ, તેહને લક્ષ્મી છોડે સુ. ૧૫
માતા ચરણે શિશ નમાવી, બાપને કરીએ સલામોજી;
દેવ ગુરૂને વિધિએ વાંદીએ, કરો સંસારનું કામો. સુ. ૧૬
બે હાથે માથું નવિ ખણીએ, કાન નવિ ખોતરીએજી;
ઉભા કેડે હાથ ન દીજે, સામે પૂરે નવિ તરીએ સુણજો. ૧૭
તેલ તમાકુ દૂરે તજીએ, અણગલ જળ નવિ પીજેજી;
કુળવંતી સતીને શિખામણ, હવે નર ભેગી દીજે સુણજો. ૧૮
સસરો સાસુ જેઠ જેઠાણી, નણદી વિનય મ મૂકોજી;
શાણપણે શેરી સંચરતાં, ચતુરા ચાલી મ ચૂકો સુ. ૧૯
નીચ સાહેલી સંગ ન કીજે, પરમંદિર નવિ ભમીએજી;
રાત્રીપડે ઘર બહાર ન જઇએ, સહુને જમાડી જમીએ સુ. ૨૦

---

૭ પારકે હાથે ૮ હજામ ૯ ભોં ઉપર ૧૦ ચિત્ર કરવાં તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધોબણ માલણ ને કુંભારણ, જોગણ સંગ ન કરીએજી;
સહેજે કોઇક આળ ચડાવે, એવડું શેને કરીએ? સુણજો ૨૧
નિજ ભરતાર ગયો દેશાવર, તવ શણગાર ન ધરીએજી;
જમવા નાતી[૧૧] વચ્ચે નવિ જઇએ, દુરજન દેખી ડરીએ સુ. ૨૨
પરશેરી ગરબો ગાવાને, મેળે[૧૨] ખેળે[૧૩] ન જઇએજી;
નાવણ ધોવણ નદી કીનારે, જાતાં નિરલજ થઇએં. સુ. ૨૩
ઉપડતે પગે ચાલી ચાલીજે, હુન્નર સહુ શીખીજેજી;
સ્નાન સુવસ્ત્રે રસોઇ કરીને, દાન સુપાત્રે દીજે. સુણજો. ૨૪
શોક તણાં લઘુ બાળક દેખી, મ ધરો ખેદ હિયામાંજી;
એહની સુખ શીતળ આશીશે, પુત્ર તણાં ફળ પામો સુણજો. ૨૫
બાર વરસ બાળક સુરપડિમા,[૧૪] એ બે સરિખાં કહીએજી;
ભક્તિ કર્યે સુખલીલા પામે, ખેદ કર્યે દુઃખ લહીએ. સુણજો. ૨૬
નરનારી બેહુને શિખામણ, મુખ લવરી નવિ હસીએજી;
નાત સગાનાં ઘર છંડીને, એકલડાં નવિ વસીએ સુણજો. ૨૭
અણજાણ્યે રૂતુવંતિ પાત્રે, પેટ અજીરણ વેળાજી;
આકાશે[૧૫] ભોજન નવિ કરીએ, બે જણ બેશી ભેળા સુણજો. ૨૮
વમન[૧૬] કરીને ચિતા[૧૭] ઝાળે, નબળે[૧૮] આસન બેસીજી;

---

૧૧ જ્ઞાતિ (પતિ બહાર ગયા હોય ત્યારે) ૧૨ મેળામાં ૧૩ ખેલ ગમતમાં ૧૪ દેવની પ્રતિમા. ૧૫ ખુલ્લું માથે છાપરા વિનાનું જેવી રીતે અગાશીએ ૧૬ ઉલટી ૧૭ ચેહની ઝાળ અગ્નિ બળતી હોય તે વખતે ૧૮ તુટી જાય તેવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૯
વિદિશ દક્ષિણ દિશ અંધારે, બોટયું પશુએ પેસી સુણજો. ૨૯
અતિશે ઉનું ખારૂં ખાટું, શાક ઘણું નવિ ખાવુંજી;
૨૦
મૌનપણે ઉદીંગણ વર્જી, જમવા પેલાં નહાવું સુણજો. ૩૦
ધાન વખાણી વખોડી ન ખાવું, તડકે બેશી ન જમવુંજી;
માંદા પાસે રાત તજીને, નરણાં પાણી ન પીવું સુણજો. ૩૧
કંદમૂળ અભક્ષને બોળો, વાસી વિદલ તે વરજોજી;
જુઠ તજો પરનિંદાહિંસા, જો વળી નરભવ સરજો સુણજો. ૩૨
વ્રત પચ્ચખાણ ધરી ગુરૂ હાથે, તીરથયાત્રા કરીએજી;
૨૧
પુણ્ય ઉદય જો મોટો પ્રગટે, તો સંઘવીપદ ધરીએ સુણજો. ૩૩
૨૨
મારગમાં મન મોકળું રાખી, બહુવિધ સંઘ જમાડોજી;
૨૩
સુરલોકે સુખ સઘળાં પામે, પણ નહિં એવો દહાડો સુણજો. ૩૪
૨૪
તીરથ તારણ શિવસુખ કારણ, સિદ્ધાચળ ગિરનારજી;
૨૫
પ્રભુભક્તિ ગુણશ્રેણે ભવજલ, તરીએ એક અવતારે, સુ. ૩૫
૨૬ ૨૭
લૌકિક લોકોત્તર હિતશિક્ષા, છત્રીશી એ બોલીજી;
પંડિત શ્રી શુભ વીરવિજય મુખ, વાણી મોહનવેલી સુણજો ૩૬

---

૧૯ ખરાબ દિશાકે જે દક્ષિણ દિશા કહેવાય છે. ૨૦ અઢેળવાનું છોડીને ૨૧ સંઘ જાત્રાએ લઇજાય તે સંઘવી અને તેનું પદ એટલે પદવી ૨૨ ઉદાર ૨૩ એટલે જે સંઘલઇ જવાનો દહાડો એટલે અવસર-શક્તિ ન હોય તે ૨૪ જ્યાં અનેક તર્યાં છે તે તીર્થ ૨૫ ગુણની શ્રેણિથી એટલે ગુણસ્થાનની નિસરણીથી ૨૬ વ્યવહારિક-સાંસારિક ૨૭ પારમાર્થિક સાંસારિક કરતાં ચડીઆતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચાર કષાયની સઝાયો.

### (૧) ક્રોધ.

(કન્યાઓ તથા સ્ત્રીઓ માટેનું ધોરણ ૧લું)

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે—કડવાં. ૧
ક્રોધેક્રોડ પૂરવ તણું, સંજમ ફલ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.—કડવાં. ૨
સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડ કોશીઓ નાગ.—કડવાં. ૩
આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાલે;
જલનો જોગ જો નવિ મલે, તો પાસેનું પરજાલે.[૧]—કડવાં. ૪
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવલ નાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી.—કડવાં. ૫
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગલે સાહી;[૨]
કાયા કરજો નિર્મલી, ઉપશમરસ[૩] નાહી.—કડવાં. ૬

### (૨) માન.

(પઢોરે પોપટ રાજા રામના—એ પ્રભાતીમાં ગવાશે)

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે ? રે જીવ ? ૧

૧ બાળે ૨ પકડી ૩ સમતારસ

સમકિત વિણુ ચારિત્ર નહિં, ચારિત્ર વિણુ નહિં મુક્તિ;
મુક્તિનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહિયે જુક્તિ. રે જીવ ? ૨
વિનય વડો સંસારમાં, ગુણુમાં અધિકારી;
માને ગુણુ જાયે ગલી, પ્રાણી જો જો વિચારી રે જીવ ? ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ તે હાર્યો. રે જીવ ? ૪
૪
સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ખોટો;
ઉદયરત્ન કહે માનને, દેજો તમે દેશવટો. રે જીવ ? ૫

## (૩) માયા.

સમક્તિનું મૂલ જાણીએજી, સત્ય વચન સાક્ષાત; સાચામાં સમક્તિ વસેજી, માયામાં મિથ્યાત્વરે પ્રાણી ! મકરીશ માયા લગાર ૧ મુખ મીઠો જુઠો મનેજી, કૂડ કપટનો કોટ; જીભે તો 'જીજી' કરેજી, ચિત્ત માંહે તાકે ચોટરે પ્રાણી ? ૨ આપ ગરજે આગો પડેજી, પણ ન ધરે વિશ્વાસ; મનશું રાખે આંતરોજી, એ માયાનો પાસરે પ્રાણી ? ૩ જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂલ; મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂલ રે. પ્રાણી ? ૪ તપ કીધો માયા કરીજી, મિત્ર શું રાખ્યો રે ભેદ; મલ્લી જીનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રીવેદરે. પ્રાણી ! ૫ ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ; મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધરે પ્રાણી ! ૬

૪ સૂકાં લાકડાં જેમ વળતા નથી તેમ

## (૪) લોભ.

તુમે લક્ષણ જોજો લોભનારે, લોભે જન પામે ક્ષોભનારે;
લોભે ડાહ્યા મન ડોલ્યા કરેરે, લોભે દુર્ઘટ[1] પંથે સંચરેરે. તુમે. ૧
તજે લોભ તેહનાં લઉં ભામણાંરે, વળી પાયે નમી ને કરૂં ખામણાંરે;[2]
લોભે મરજાદા[4] ન રહે કેહનીરે, તુમે સંગત મેલો તેહનીરે. તુમે. ૨
લોભે ઘર મેલી રણમાં મરેરે, લોભે ઉંચ તે નીચું આચરેરે;
લોભે પાપ ભણી પગલાં ભરેરે, લોભે અકારજ[5] કરતાં ન ઓસરેરે. તુમે. ૩
લોભે મન ન રહે નિર્મળુંરે, લોભે સગપણ નાસે વેગળુંરે;
લોભે ન રહે પ્રીતિને પાવડુંરે,[6] લોભે ધન મલે બહુ એકઠુંરે. તુમે. ૪
લોભે પુત્ર પ્રત્યે પિતા હણેરે, લોભે હત્યા પાતક નવિ ગણેરે;
તેતો દામ તણે લોભે કરીરે, ઉપર મણિધર થાયે મરીરે તુમે. ૫
જોતાં લોભનો થોભ દિસે નહીરે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહીરે;
લોભે ચક્રી સુભૂમ નામે જુઓરે, તેતો સમુદ્રમાંહિ ડુબી મુવોરે તુ. ૬
એમ જાણીને લોભને છંડજોરે, એક ધર્મશું મમતા મંડજોરે;
કવિ ઉદયરત્ન ભાંખે મુદારે, વંદુ લોભ તજે તેહને સદારે તુ. ૭

---

૧ ભયંકર ૨ ઓવારણાં ૩ દોષને ખમાવું ૪ શરમ ૫ નહિં કરવા લાયક ૬ પ્રતિષ્ઠા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## (જીનેશ્વર પ્રભુ પાસે લઈ જવાની ભાવ સામગ્રી.)

### ગહુંલી-રાગધોળ.

(ત્રાંબાકુંડી તે નગર સોહામણું-એ દેશી)

બેની! સંચરતાંરે સંસારમાંરે, બેની સહ ગુરૂ ધર્મ સંજોગ.
બેની! સંદૃહણા જીન શાસનનીરે, બેની પૂરવ પુણ્ય સંજોગ વ. ૧
બેની! શમ સંતોષ સાડી બનીરે, બેની નવ બ્રહ્મ નવરંગ ઘાટ વ.
બેની! તપજપ ચોખા ઉજળારે, બેની સત્યવ્રત વિનય સુપાટવ. ૨
બેની! સમકિત સોવન થાળમાંરે, બેની કનક કચોલે ચંગ વ.
બેની! સંવર કરો શુભ સાથિયોરે, બેની આણાતિલક અભંગવ. ૩
બેની! સમિતિ-ગુપ્તિ શ્રીફળ ધરોરે, બેની અનુભવ કુંકુમ ઘોલવ.
બેની! નવતત્ત્વ હઇયે ધરો રે, બેની ચરચો ચંદન રંગરોલ.વ. ૪
બેની! ભવજળ જેહમાં ભેદીયેરે, બેની વિવેક વધાવો શાલ.વ.
બેની! વીર કહે જીન શાસનેરે, બેની રહેતાં મંગલમાલ. વ. ૫

**અર્થ**—હે બેન! આ સંસારમાં ચાલતા-વ્યવહાર કરતાં ગુરૂ અને ધર્મનો સંજોગ સાથે રાખવાનો છે માટે ગુરૂસ્તુતિ કરી ગુરૂને વધાવો. (ગુરૂ એજ શુદ્ધ ધર્મમાર્ગ દેખાડનાર છે) હે બેન! જીનશાસનમાં સમ્યક્ પ્રકારે શ્રદ્ધા રાખવી એ પૂર્વનાં પુણ્ય સંજોગને લઇને થાય છે?

જિન પ્રભુપાસે જવાને બેની? સમતા—સંતોષરૂપી સાડી પહેરવાની છે અને તે સાડીમાં બ્રહ્મચર્યની નવવાડ રૂપી નવરંગ પૂરવાના છે. ત્યાર પછી તપ, જપ રૂપી શુદ્ધ ચોખા લઇ સત્યવ્રત અને વિનયરૂપી સુંદર પાટ મુકી તેનાપર સમકિત રૂપી સોનાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાળમાં સોનાના સુંદર કચોલાથી સંવર (કર્મનું રોકાવું) રૂપી શુભ સાથીઆ કરવાના છે, અને કપાળમાં જિનાજ્ઞા રૂપી અખંડિત તિલક કરવાનું છે. ૨-૩ પ્રભુપાસે સમિતિ અને ગુપ્તિ રૂપી શ્રીફળ ધરીને પછી અનુભવ રૂપી કંકુ હે બેની? તમે ઘોળો અને જીવ અજીવ વિગેરે નવતત્ત્વ હૈયામાં ધારીને આનંદ પૂર્વક ચંદનને ચર્ચો (ઘસો) ૪ હે બેની? જેહથી સંસારરૂપ પાણીને તરીને પાર ઉતરીએ તેવીરીતે વિવેક રૂપી ચોખાથી પ્રભુને વધાવો. શ્રી વીર-વિજયજી મહારાજ કહે છે કે આ પ્રમાણે શ્રી જૈન શાસનમાં રહેવાથી મંગલમાળા પહેરી શકીએ છીએ.

---

## શિયળ ચૂનડી.

**હાંજી શીયલ સુરંગી ચૂનડી.**

હાંજી સમકિત પાળો કપાસનો, હાંજી પેંજણુ પાપ અઢાર;
હાંજી સૂત્ર ભલું રે સિદ્ધાંતનું, હાંજી ટાળો આઠ પ્રકાર. હાંજી શિ૦ ૧
હાંજી ત્રણ ગુપ્તિ તાણો તાણો, હાંજી નલીય ભરી નવવાડ.
હાંજી વાણો વાણોરે વિવેકનો, હાંજી એમા ખુંદીય ખાય. હાંજી શિ૦ ૨
હાંજી મૂળઉત્તરગુણ ઘુઘરા, હાંજી છેડા વર્ણીને ચાર;
હાંજી ચારિત્ર ચંદો વચ્ચે ધરો, હાંજી હંસક મોર ચકોર. હાંજી શિ૦ ૩
હાંજી અજબ બિરાજે ચૂનડી, હાંજી કહો સખી કેટલું મૂલ્ય?
હાંજી લાખે પણ લાભે નહિં, હાંજી એહ નહિં સમતોલ; હાંજી શિ૦ ૪
હાંજી પહેલી ઓઢી શ્રી નેમજી, હાંજી બીજી રાજુલ નેટ;
હાંજી ત્રીજી ગજસુકુમાલજી, હાંજી ચોથી સુદર્શન શેઠ હાંજી શિ. ૫

હાંજી પાંચમી જંબુ સ્વામીએ, હાંજી છઠ્ઠી ધનો અણગાર;
હાંજી સાતમી મેઘ મુનીસરૂ, હાંજી આઠમી એવંતી કુમાર હાંજી શિ. ૬
હાંજી સીતા કુંતા દ્રૌપદી, હાંજી દમયંતી ચંદનબાલ;
હાંજી અંજનાને પદ્‌માવતી, હાંજી શીયળવતી અતિસાર હાંજી શિ. ૭
હાંજી અજબ બિરાજેરે ચૂનડી, હાંજી સાધુનો શણગાર;
હાંજી મેઘમુનીસર એમ ભણે, હાંજી શીયલ પાલો નરનાર હાંજી શિ. ૮

**અર્થ:**—શીયલ રૂપી સારા રંગવાળી ચુંદડી છે. જે કપાસથી તે ચુંદડી બની છે તે સમકિત છે અને તે પાળવા યોગ્ય છે. પીંજણ કરવું તે અઢાર પ્રકારના પાપસ્થાન છે. જે દોરાથી તે ચુંદડી વણાય છે. તે સિદ્ધાંત (સૂત્ર) રૂપી દોરો છે અને તે વણવા માટે આઠ પ્રકારના પ્રમાદ ટાળવા જોઇએ. ૧

તે ચુંદડીમાં તાણો તે ત્રણ ગુપ્તિ જાણવી અને નળી તે બ્રહ્મચર્યની નવવાડ છે. વાણો તે વિવેક રૂપી છે અને જે ખાઇમાં ખુંટી કરેલી હોય છે તે ક્ષમા રૂપી ખાઇ છે. ૨

ચુંદડીની આસપાસ પાંચ મૂલગુણ અને સાત ઉત્તરગુણ રૂપ ઘુઘરા છે. તેમજ મૈત્રી આદિ ચારભાવનારૂપી ચાર છેડા વણો. તે છેડા વચ્ચે ચારિત્ર રૂપી ચંદ્રમા ધરો અને સમકિતી રૂપી હંસ, મોર અને ચકોર રૂપી છે કે જે ચારિત્ર રૂપ ચંદ્રમાને ચાહે છે. ૩

આવી ચુંદડી ઘણી અજાયબ રીતે શોભે છે આનું મૂલ્ય હે સખી! કહો કે કેટલું છે? લાખો ધનથી પણ આ મલે તેમ નથી. કારણ કે તેની સમાન બીજી કોઇ ચુંદડીજ નથી. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ચુંદડી પહેલી શ્રી નેમનાથ ભગવાને ઓઢી, બીજી ખરેખર રાજીમતીએ ઓઢી, ત્રીજી ગજસુકુમાલે અને ચોથી સુદર્શન-શેઠે ઓઢી, પાંચમી જંબુસ્વામીએ, છઠ્ઠી ધન્ના અણુગાર-મુનિએ સાતમી મેઘમુનીશ્વરે, આઠમી એવંતીકુમારે, તેમજ સીતા, કુંતા, દ્રૌપદી, દમયંતી, ચંદનબાલા, અંજનાસુંદરી, પદ્માવતી, અને શીયળવંતીએ સરસરીતે ઓઢી (અર્થાત્ શીયળ બરોબર પાળ્યું). ૫-૭આવા પ્રકારની ચુંદડી અદ્ભૂત રીતે દીપે છે તેમજ સાધુના શણગાર રૂપે છે. મેઘમુનીશ્વર કવિ એમ કહે છે કે નરને નાર સવે શિયળ પાળો. ૮

## (ધોરણ ૩ જી) સમ્યકત્વ રત્ન વિના સર્વ ક્રિયાનિષ્ફલ.

### (રાગ—વેલાવલ)

જબલગે સમકિત રત્નકુંપાયા નહિં પ્રાણી, તબલગે નિજગુણ નવિવધે તરૂવિણ જિમ પાણી. જ. તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ; દર્શન વિણ નિષ્ફલ હોએ, જિમ વ્યોમે ચિત્રામ. જ. ૨ સમકિત વિરહિત જીવને, શિવસુખ હોએ કેમ? વિણહેતેં કાર્ય ન નીપજે, મૃદ્ વિણ ઘટજેમ જ. ૩ પરંપરા કારણ મોક્ષકો, એ છે સમકિત મૂલ; શ્રેણિક પ્રમુખ તણી પરેં, હોય સિદ્ધિ અતુકુલ. જ, ૪ ચારે અનંતાનુંબંધીઆ, ત્રિક દર્શન-મોહ; જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદુ તેહ જીતકોહ. જ. ૫

### ભાવમંદિર.

સમકિત દ્વાર ગભારે પેશતાજી, પાપ પડલ ગયાં દૂરરે;
માતા મરૂદેવીનો લાડલોજી, દીઠાં આનંદ પૂરરે સમકિત૦ ૧

આયુવર્જિત સાત કર્મનીજી, સાગર કોડાકોડા હીનરે;
સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂર્વ મોગરલીનરે સ૦ ૨
ભુંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યા મોહની સાંકળ સાથરે;
બાર ઉઘાડયાં શમ સંવેગનાજી, દીઠા શ્રી અનુભવ ભવિયણ નાથરે. સ૦ ૩
તોરણ બાંધ્યાં જીવદયા તણાંજી, સાથીઓ પૂર્યો શ્રદ્ધા રૂપરે;
ધુપૈઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી, દીપ મંગળ આઠ અનૂપરે. સ૦ ૪
સંવર પાણીએ અંગ પખાળીયાજી, કેશર ચંદન ઉત્તમ ધ્યાનરે;
આતમરૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે. સ૦ ૫
ભાવે પૂજોરે પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પરમ પવિત્રરે;
કારણયોગે કારજ નીપજેજી, ક્ષમા વિજય જિન આગમ રીતરે સ૦ ૬

---

## બોધિબીજ વિના બધી ક્રિયા ગદ્ધામજુરી છે.

### (રાગ-ધન્યાશ્રી)

દોડતાં દોડતાં પંથ કપાય તો, જુઓ ઘાંચી ઘર ઉંટ;
દિન સાઝમેં દોડતાં હિંડે, થાકી જાવે ત્રુટ હો સમજુ
જ્ઞાન નયન નિજ ખોલો. હો સમજુ. ૧
કરણી પાર ઉતરણી કહીને, જગને જૂઠ સમજાવે;
જ્ઞાન રહિત જેમ રાત અંધારી, પરમારથ કેમ પાવે ? હો સમજુ. ૨
સાઠસહસ્ર વર્ષનો તાપસ, બાળ તપસ્વી કહીયો;
દેવપણામાં જ્ઞાન જો પામ્યો, તો ભવ એકજ રહીયો હો સમજુ. ૩
જ્ઞાન સહિત જે ક્રિયા કરે તે, હોય કલ્યાણને કાજે;
એકાંત જ્ઞાન તણો આરાધક, નિજ ગુણમાં નિત રાજે હો સમજુ. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂત્ર રહસ્યને સમજી શાણા, કરો ક્રિયા ભલે સાચી;
બોધિબીજ વિનં ગદ્ધા મજૂરીમાં,મત રહેજો કોઈ રાચી હો સમજુ. ૫
ભેદાભાવ છે જ્ઞાન દર્શનમાં, પ્રથમ દર્શન પછી જ્ઞાન;
વિનય સહિત શ્રી સદ્ગુરૂસેવી, પામો પદ નિર્વાણ હો સમજુ ૬

## શ્રી મહાવીર પ્રભુનું સ્તવન.

### સાધક દશા સાધ્ય કરી સિદ્ધતા અપાવો.

( કડવાની દેશી )

તારહોતાર પ્રભુ ? મુજ સેવક ભણી, જગતમાં એટલો સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો જાણી પોતાતણો, દયાનિધિ ! દીનપર દયાકીજે તા. ૧
રાગદ્વેષે ભર્યો મોહ વૈરી નડયો, લોકની રીતિમાં ઘણુંયે રાતો;
ક્રોધવશ ધમધમ્યો શુદ્ધ ગુણ નવિરમ્યો, ભમ્યો ભવમાંહિહું વિષયમાતો ૨
આદર્યો આચરણ લોકઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કોઈ નકી;
શુદ્ધ શ્રદ્ધાન નિજ આત્મ અવલંબવિનુ, તેહવો કાર્ય તિણે કો ન સીધો. ૩
સ્વામી દર્શન સમોનિમિત લહી નિર્મલો જો ઉપાદાન એ શુચિન થાશે;
દોષકો વસ્તુનો અહવા ઉદ્યમ તણો, સ્વામીસેવા સહી નિકટલાશે તા. ૪
સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે, દર્શનશુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિ ધામે તા. ૫
જગત વત્સલ મહાવીર જીનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી ! બિરૂદનિજ રાખવા, દાસની સેવના રખે જોશોતા. ૬
વિનતિ માનજો શક્તિ એમ આપજો, ભાવસ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી, દેવચંદ વિમલ પ્રભુતા પ્રકાશેતા. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ( નવાણુ યાત્રાનું )

જાત્રા નવાણું કરીએ, વિમલ ગિરિ, જાત્રા નવાણું કરીએ.
કોડી સહસ ભવ પાતિક તૂટે, શેત્રુંજા સામોડગ ભરીએ. શે૦
પૂરવ નવાણું વાર વિમલ ગિરિ, રૂષભ જીણંદસમોસરીએ. શે૦ ૧
પુંડરીકપદજપીએ હરખે, અધ્યવસાય શુભધરીએ. શે૦
સાત છઠ્ઠદોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગિરિવરીએ. શે૦ ૨
પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપ પડલ પરિહરિએ. શે૦
ભૂમિ સંથારો નારી તણો સંગ, દૂર થકી પરિહરિએ. શે૦ ૩
એકલ આહારીને સચિત્ત પરિહારિ, ગુરૂ સાથે પદ અનુસરીએ. શે૦ ૪
કલીકાલે એ તીરથ મોટું, પ્રવહણ જિમ ભરદરીએ. શે૦ ૫
ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ. શે૦ ૬

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

### નિરૂપાધિક વીતરાગ મૂર્ત્તિ.

(દેહી દેહી નણંદ હઠીલી–એ દેશી અથવા થઇ પ્રેમ વશ પાતળીયા)
શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવીરે,
મન મોહના જિનરાયા, સુરનર કિન્નર ગુણુ ગાયારે. મન. ૧
જે દિનથી તુજ મૂરતિ દિઠી, તે દિનથી આપદાનીઠી;
મુખ મટકાળું સુપ્રસન્ન, દેખત રીઝે ભવી મન્નરે. મન. ૨
સમતારસ કેરાં કચોલાં, નયણાં દીઠે રંગ રોલા;
હાથે ન ધરે હથિયાર, નહિં જપમાલાનો પ્રચારરે. મન. ૩
ઉત્સંગે ન ધરે રામા, તેહથી ઉપજે સવિકામા;
ન કરે ગીત નૃત્યના ચાળા, એતો પ્રસક્ષ નટના ચાળારે. મન. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપે ન બજાવે વાજાં, ન ધરે વસ્ત્ર જીરણ સાજાં;
એમ મૂરત તુજ નિરૂપાધી, વીતરાગ પણે કરી સાધીરે. મન. ૫
કહે માનવિજય ઉવઝાયા, મેં અવલંબ્યા તુજ પાયારે. મન. ૬

## પ્રતિક્રમણ સૂત્રોના સંક્ષેપ હેતુઓ.

૧—**નવકાર**—(પંચપરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર) આ સૂત્રમાં ૧ આરિહંત ૨ સિદ્ધ ૩ આચાર્ય ૪ ઉપાધ્યાય ૫ સાધુ એ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યો છે તેથી સર્વ પાપ તથા સંકટો દૂર થાય છે.

૨–**પંચિંદિઅ**—આમાં આચાર્યના છત્રીશ ગુણો બતાવ્યા છે અને તે ક્રિયા કરતાં સ્થાપનાચાર્ય નહોય ત્યારે પુસ્તક કે નવકારવાલીની સ્થાપના સ્થાપતી વખતે બોલાય છે.

૩—**પંચાંગપ્રણિપાતસૂત્ર**—(ખમાસમણ)–આથી બેસાથલ, બે હાથ અને લલાટ એ પાંચ અંગથી દેવગુરૂને નમસ્કાર કરાય છે.

૪—**સુગુરૂ સુખસાતા પૃચ્છા** (ઇચ્છકાર) આથી સુગુરૂને સુખસાતા પૂછાયછે.

૫—**ઇરિયાવહિયં**—આ સૂત્રથી રસ્તામાં જતાં આવતાં જીવં વિગેરે પગ નીચે ચંપાવાથી જે દોષ લાગ્યા હોય તે દોષો દૂર કરવામાં આવે છે.

૬—**તસ્સઉત્તરી**—આ સૂત્રથી ઇરિયાવહિયં પડિકકમતાં પણ બાકી દોષો રહ્યા હોય તે વિશેષ શુદ્ધ કરાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭—**અન્નત્થ**—કાઉસ્સગ્ગના સોલ આગાર (છુટ)નું વર્ણન છે અર્થાત્ એવા કારણો થયા હોય તો પણ કાઉસ્સગ્ગ ભાંગે નહિ.

૮—**નામસ્તવ**—(લોગસ્સ) આ સૂત્રમાં ચોવીશ તીર્થંકરોની નામ વાર સ્તુતિ છે. તેથીજ તેનું નામ નામસ્તવ રાખવામાં આવ્યું છે.

૯—**કરેમિભંતે**—આ સામાયિક લેવાનું પચ્ચખ્ખાણ છે. એમાં સામાયિક કરતી વખતે સમભાવમાં રહેવા પૂર્વક સંસારની કાંઈપણ કથાન કરવી તે બતાવ્યું છે. **સમ્-આય-સમ્**-સમતા અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તેનો **આય**-લાભ એટલે કે સમતાનો કે જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ થાય તે સામાયિક.

૧૦—**સામાઇઅ વયજુ-તો**—આ સામાયિક પારવાનું સૂત્ર-છે ને તેમાં સામાયિક કરતી વખતે શ્રાવક સાધુની માફક બે ઘડીનું ચારિત્ર હોવાથી ગણાય છે તે બતાવવા સાથ વારંવાર સામાયિક કરવું એમ બતાવ્યું છે.

૧૧—**જગચિંતામણિ**—આ ચૈત્યવન્દન ગૌતમસ્વામી મહારાજે રચેલ છે ને તેમાં અષ્ટાપદ પર્વત ઉપર રહેલ ચોવીશ તીર્થંકરો તથા બીજા પણ તીર્થંકરો ને તીર્થોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

૧૨—**જંકિંચિ**—આમાં જે કોઇ નામરૂપે તીર્થ હોય તેને તથા ત્રણ લોકમાં રહેલી પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

૧૩—**નમુત્થુણં**—(શક્રસ્તવ) આ સૂત્ર ઇંદ્રમહારાજે રચેલું છે તેમાં દ્રવ્યજિન તથા ભાવજિનને નમસ્કાર કરવામાં આવ્યો છે.

૧૪—**જાવંતિ ચેઈઆઈ**—આમાં ત્રણ લોકની પ્રતિમાઓને નમસ્કાર કર્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૫—**જાવંત કેવિ સાહુ**—આ સૂત્રમાં ભરત, ઐરવત, ને મહાવિદેહ ક્ષેત્રમાં રહેલાં સાધુ-સાધ્વીઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

૧૬—**નમોડર્હત્**—આમાં અરિહંત વિગેરે પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કર્યો છે. આ સૂત્ર શ્રી સિદ્ધસેનદિવાકરજીએ રચેલ છે ને તે પૂર્વાન્તર્ગત છે.

૧૭—**ઉવસગ્ગહરં**—આ સૂત્ર શ્રી ચૌદપૂર્વધરભદ્રબાહુ સ્વામીજીએ રચેલ છે ને તે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ગુણસ્તુતિરૂપ સ્તવન છે તે સર્વ સંકટોને દૂર કરનાર તથા મહાન્ પ્રભાવિક છે.

૧૮—**જયવીયરાય**—આમાં પ્રભુ પાસે કેટલીક ઉત્તમ પ્રાર્થના કરેલ છે. તથા નિયાણું (મોક્ષની ઇચ્છા સિવાય કાંઈપણ સંસારના ફળની ઇચ્છા કરવી તે બાધા, આખડી રાખવી તે) નહિં બાંધવું તે દર્શાવ્યું છે.

૧૯—**અરિહંત ચેઈઆણું**—(ચૈત્યસ્તવ) આમાં જ્યાં દેવવંદન કરતાં હોઇએ તે એક દહેરાની પ્રતિમાઓને વંદન કરવામાં આવેલ છે.

૨૦—**કલ્લાણકંદં**—આ થોયનીચાર ગાથા છે. પ્રથમ થોયમાં શ્રીરૂષભદેવ, શાન્તિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ તથા મહાવીર સ્વામીની સ્તુતિ છે. બીજીમાં ચોવીશે તીર્થંકરોની, ત્રીજીમાં જ્ઞાનની, ચોથીમાં શ્રુતદેવી સરસ્વતીની સ્તુતિ છે.

૨૧—**સંસારદાવા**—આમાં શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ છે તથા શ્રીમાન્ હરિભદ્ર સૂરિશ્વરજીએ રચેલ છે. આમાં એકે જોડાક્ષર નથી.

૨૨—**પુખ્ખરવરદી**—(શ્રુતસ્તવ) આમાં વિચરતા તીર્થંકરો તથા જ્ઞાનની સ્તુતિ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૩—**સિદ્ધાણંબુદ્ધાણં** (સિદ્ધસ્તવ)—આમાં પહેલી ગાથામાં સર્વ સિદ્ધ, બીજી તથા ત્રીજી ગાથાથી મહાવીર પ્રભુ, ચોથી ગાથાથી નેમિનાથ, ને પાંચમી ગાથાથી અષ્ટાપદ પર્વતપર બિરાજમાન ચોવીશ તીર્થંકરની સ્તુતિ છે.

૨૪—**વેયાવચ્ચગરાણં**—આ સૂત્રથી જૈન શાસનની વેયાવચ્ચ કરનાર સમ્યગ્દૃષ્ટિ દેવોની આરાધના કરવામાં આવે છે.

૨૫—**ઇચ્છામિઠામિ**—આથી આખા દિવસમાં લાગેલા પાપને સામાન્ય રીતે જાહેર કરી તેની માફી માંગવામાં આવે છે.

૨૬—**નાણંમિ**—આ આઠ ગાથામાં જ્ઞાનાદિ પાંચ આચારનાં ભેદો બતાવ્યા છે.

૨૭—**વાંદણાં** (સુગુરૂવંદન)—આથી સુગુરૂને વંદન કરી તેમની પ્રત્યે થયેલા દોષોની માફી માંગવામાં આવે છે. આ સૂત્રનું બીજું નામ દ્વાદશાવર્ત્તવંદન કહેવાય છે. વાંદણાં દેતી વખતે ગુરૂ સંબંધી તેત્રીશ આશાતના ત્યાગ કરવી જોઈએ.

૨૮—**સાતલાખ**—આ સૂત્ર ચોરાશી લાખ યોનીવાળા જીવો હણ્યા હોય તે પાપ ફોગટ કરવા માટે કહેવામાં આવે છે.

૨૯—**અઢાર પાપસ્થાપક**—આમાં પાપ અઢાર પ્રકારે બંધાય છે તેના નામ છે તથા તેવી રીતે લાગેલાં પાપની માફી માંગવામાં આવી છે.

૩૦—**સવ્વસ્સવિ**—આમાં લાગેલાં પાપોની ટુંકાણમાં માફી માગવામાં આવી છે.

૩૧—**વંદિત્તાસૂત્ર** (શ્રાવક પ્રતિક્રમણસૂત્ર)—આથી શ્રાવકનાં બાર વ્રતમાં લાગેલા અતિચારો ( દોષો ) ને બહુ દિલગીરી સાથે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિસ્તારથી જાહેર કરી તેવા દોષો ફરી ન થાય તેમ ઇચ્છી તે બાબત માફી માંગી છે.

૩૨—**અબ્ભુઠ્ઠિઓ** ( ક્ષામણકસૂત્ર )—આથી ગુરૂમહારાજ પ્રત્યે આપણાથી જે જે અપરાધ થયા હોય તે જાહેર કરી તેમની પાસે માફી માંગવામાં આવે છે.

૩૩—**આયરિયઉવજ્ઝાયે**—આમાં આચાર્ય, ઉપાધ્યાય, સ્વધર્મીબંધુ, સકળસંઘ તેમજ સર્વ જીવો ઉપર જે ક્રોધ થયો હોય તથા બીજા કાંઇપણ અપરાધ થયા હોય તેની માફી માંગવામાં આવી છે.

૩૪—**નમોઽસ્તુ**—આ શ્રી વીરપ્રભુની સ્તુતિ ચૈત્યવન્દનરૂપે છે ને તે સાંજે દેવસી પ્રતિક્રમણમાં બોલાય છે. અને તેમાં સંસ્કૃત ત્રણે શ્લોકો જુદા જુદા રાગના છે.

૩૫—**વિશાલલોચન** ( પ્રાભાતિકવીરસ્તુતિ )—આપણ શ્રી વીર પ્રભુની સ્તુતિરૂપ ચૈત્યવંદન છે. તે સવારે રાઇપ્રતિક્રમણમાં કહેવાય છે.

૩૬—**સુઅદેવયા**—આ શ્રુતદેવતાની સ્તુતિ છે. (પુરૂષો માટે)

૩૭—**જીસેખિ-તે**—આ ક્ષેત્રદેવીની સ્તુતિ છે.

૩૮—**કમલદલ**—આ શ્રુતદેવીની સ્તુતિ છે અને તે સ્ત્રીઓ કહે છે.

૩૯—**યસ્યાઃક્ષેત્રં**—આ ક્ષેત્રદેવતાની સ્તુતિ છે.

૪૦—**જ્ઞાનાદિ**—આભુવનદેવીની સ્તુતિ છે.

૪૧—**અઢ્ઢાઇજ્જેસુ** (મુનિવંદન સૂત્ર)—આથી અઢીદ્વીપમાં રહેલા મુનિઓને નમસ્કાર કરવામાં આવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૨—**વરકનક**—આથી એકસો સીત્તેર તીર્થંકરોને વંદન કરવામાં આવે છે.

૪૩—**લઘુશાન્તિ**—શ્રી નાડુલ નગરમાં મરકી દૂર કરવા શ્રીમાન્ માનદેવસૂરિજીએ આ સ્તોત્ર રચ્યું છે. એને ભણવાથી સાંભળવાથી તથા એનાથી મંત્રેલું પાણી છાંટવાથી સર્વ રોગો દૂર થાય છે ને શાંતિ ફેલાય છે.

૪૪—**ચઉક્કસાય**—આ શ્રી પાર્શ્વનાથનું ગુણસ્તુતિરૂપ ચૈત્યવંદન છે.

૪૫—**ભરહેસર**—આમાં સવારમાં નિરંતર પ્રભાતમાં સ્મરણ કરવા લાયક શ્રેષ્ઠ બ્રહ્મચર્યવાલા પ્રભાવિક પુરૂષો તથા પવિત્ર સતી સ્ત્રીઓનાં નામો ગણાવ્યા છે. આ સૂત્ર નિરંતર પ્રભાતમાં ભણવું જોઇએ.

૪૬—**મન્હજીણાણં** (શ્રાવકદિનકૃત્યસઝાય)—આમાં શ્રાવકને નિત્ય કરવાં યોગ્ય છત્રીશ ઉત્તમોત્તમ કર્તવ્યનું વર્ણન કર્યું છે.

૪૭—**સકલતીર્થ** (તીર્થવંદનાસૂત્ર)—આમાં ત્રણલોકમાં આવેલ શાશ્વતાં તથા અશાશ્વતાં ચૈત્યો તથા તેમાં રહેલી પ્રતિમાઓની સંખ્યા બતાવી તેઓને નમસ્કાર કર્યો છે. આ શ્રીજીવવિજયજીનું કરેલું છે

૪૮—**સ્નાતસ્યા**—આ શ્રી બાલચંદ્રસૂરિ કે જે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીના શિષ્ય હતા તેમની રચેલી મહાવીર સ્વામીની સ્તુતિ છે. ને તે પખ્ખી, ચોમાસી સંવચ્છરી પ્રતિક્રમણમાં કહેવાય છે.

૪૯—**સકલાર્હત્**—શ્રી હેમચંદ્રાચાર્યજીનું રચેલું આ ચૈત્યવંદન છે એમાં જુદા જુદા શ્લોકથી ચોવીશ તીર્થંકરની સ્તુતિ કરી છે. ને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પખ્ખી ચોમાસી તથા સંવચ્છરી પ્રતિક્રમણમાં ચૈત્યવંદન તરીકે કહેવાય છે.

૫૦–**અજિતશાન્તિસ્તવ**–શ્રી નંદિષેણ સૂરિનું રચેલું આ શ્રી અજિતનાથને શાન્તિનાથનું સાથે સ્તવન છે. શ્રી શત્રુંજય પર્વતપર આ બંને પ્રભુના દહેરાં સામસામાં હતાં પણ આ સ્તવન રચી બોલાતી વખતે એક હારમાં આવી ગયાં એમ કહેવાય છે.

૫૧–**બૃહચ્છાન્તિ**–ભગવાન્ જન્મે છે ત્યારે તેમને મેરૂ પર્વતપર ન્હવરાવવા ઇંદ્રો ને દેવો લઇ જાય છે. ત્યાં તેમને ન્હવરાવ્યા પછી તેઓ આ શાન્તિપાઠ બોલે છે. આમાં અનેક જીવોની અનેક પ્રકારે શાન્તિ ઇચ્છી છે. આ શ્રી નેમિનાથ પ્રભુની માતા શિવાદેવીએ દેવીપણામાં રચી છે એમ કહેવાય છે.

૫૨–**સંતિકરં**–શ્રીમુનિસુંદરસૂરિએ રચેલું આ શ્રી શાંતિનાથનું સ્તવન છે. ને તેમાં સોલ વિદ્યાદેવીઓ, ચોવીશ તીર્થંકરના યક્ષ-યક્ષિણી વિગેરે દેવદેવીઓની આપણા રક્ષણ માટે પ્રાર્થના કરવામાં આવી છે.

૫૩–**અતિચાર**–આ પખ્ખી ચોમાસી તથા સંવચ્છરી પ્રતિક્રમણ વખતે શ્રાવકના બાર વ્રતમાં લાગેલા દોષો દૂર કરવા માટે બોલવામાં આવે છે. તેમાં નીચે જણાવ્યા પ્રમાણે અધિકારો છે–

**જ્ઞાનાચાર**–જ્ઞાનને ભણવું તથા ભણાવવું.

**દર્શનાચાર**–સમકિત પાળવું તથા પળાવવું તે.

**ચારિત્રાચાર**–સંજમ પાળવું તથા પળાવવું તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**સમકિત**-સુદેવ, સુગુરૂ, સુધર્મની પરીક્ષા કરી તે ઉપર આસ્થા રાખવી તે

**પહેલું વ્રત**-કોઇપણ પ્રાણીને મારવા નહિ તે.

**બીજું વ્રત**-ખોટું બોલવું નહિ તે

**ત્રીજું** વ્રત-ચોરી ન કરવી તે.

**ચોથું** વ્રત—બ્રહ્મચર્યનો નિયમ કરવો (પોતાની સ્ત્રીથી સંતોષ કરવો તે).

**પાંચમું** વ્રત-ધન, ધાન્ય, સોનું રૂપું, ઘર, હાટ વિગેરેનું પ્રમાણ કરવું તે.

**છઠ્ઠું** વ્રત— જીંદગી સુધી દિશા તથા ખુણાઓમાં જવાનું પ્રમાણ કરવું તે.

**સાતમું** વ્રત—ન ખાવા લાયક પદાર્થો તથા પંદર કર્માદાનાદિ પાપ વ્યાપારોનો ત્યાગ કરવો અને ખાવા તથા પહેરવા ઓઢવાની ચીજો માટે હંમેશાં નિયમ ધારવા તે.

**આઠમું** વ્રત—જેથી ફોગટ પાપ લાગે તેવી બાબતો જેવી કે—વિકથા, નિંદા વિગેરે તથા રમવા જોવાની બાબતો જેવી કે નાટક, ભવાયા, ગંજીફો, ચોપાટ વિગેરેનો ત્યાગ કરવો તે.

**નવમું** વ્રત—નિરંતર મનને સમતામાં રાખી સામાયિક કરવું તે.

**દસમું** વ્રત—આખા દિવસમાં દશ સામાયિક કરી, ભણવું, ગણવું પણ બીજું વ્યાપારાદિ કામ કાંઈ ન કરવું તે, તથા છઠ્ઠા વ્રતમાં રાખેલી દિશાનો તેમજ બીજા વ્રતોનો પણ સંક્ષેપ કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**અગ્યારમું** વ્રત—મહિનામાં પર્વ કે તિથી (આઠમ ચઉદશ)—ના દિવસે પોસહ કરવો તે.

**બારમું** વ્રત—પોસહને પારણે મુનિરાજને વહોરાવી પછી જમવું તે.

**સંલેષણા**—મરણ વખતે ગતિ સુધારવા માટે વ્રત પચ્ચખ્ખાણ કરવાં તે.

**બાહ્યતપ**—જેને બીજાઓ જોઈ શકે તેવો ઉપવાસ વિગેરે તપ કરવો તે.

**અભ્યંતર તપ**—જેને બીજાઓ ન જોઇ શકે તેવો આલોયણ (પશ્ચાતાપ) વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય વિગેરે તપ કરવો તે.

**વીર્યાચાર**—સામાયિક, પ્રતિક્રમણ, દેવ પુજા વિગેરે ધર્મની ક્રિયાઓ તથા કાર્યોમાં પોતાની શક્તિનો સારો ઉપયોગ કરવો તે.

આ સર્વમા જે દોષો લાગ્યા હોય તે અતિચારમાં બતાવ્યા છે. આ સર્વના મલીને ૧૨૪ અતિચાર થાય છે તે નીચે પ્રમાણે—

બાર વ્રતના દરેકના પાંચ અતિચાર, એટલે ૬૦ અને સાતમાભોગોપભોગવ્રતમાં પાંચ કર્મ, પાંચ વાણિજ્ય, પાંચ સામાન્ય એમ પંદર કર્માદાનના અતિચારો આવે છે એટલે ૬૦=૧૫=૭૫ જ્ઞાનાચારના ૮ દર્શનાચારના ૮ ચારિત્રાચારના ૮ તપાચારના ૧૨ વીર્યાચારના ૩ એમ પાંચ આચારના મળીને ૩૯ અતિચાર થાય છે ૭૫=૩૯=૧૧૪ તેમાં પાંચ સમકીતના તથા પાંચ સંલેષણા વ્રતના મેલવવાથી ૧૨૪ અતિચાર થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૪-**તિજયપહુત્ત**—( સપ્તતિશત સ્તોત્ર )—આ સ્તોત્રમાં એકસો સિત્તેર તીર્થંકરની સ્તુતિ છે અને તેની શ્રીમાનદેવસૂરીએ શ્રી સંઘમાં વ્યંતરે કરેલ ઉપદ્રવ દૂર કરવા માટે રચના કરેલ છે.

૫૫—**નમિઉણ**—(મહાભયહર સ્તોત્ર)—શ્રી માનતુંગસૂરિએ રચેલું શ્રી પાર્શ્વનાથ પ્રભુનું આ સ્તોત્ર છે તે સ્થિર મને ભણવાથી મ્હોટાં મ્હોટા ભય તથા રોગો નાશ થાય છે તેમજ આ સ્તોત્રમાં અઢાર અક્ષરનો મંત્ર ' **नमिउणपासविसहरवसहजिणफुलिंगं** ' છે તે સહિત પાર્શ્વનાથ પ્રભુનું જે સ્મરણ કરે તેના ૧૦૮ રોગો નાશ પામે છે.

૫૬ **ભક્તામરસ્તોત્ર**-શ્રીમાન્ માનતુંગસૂરિજીએ રચેલું શ્રી ઋષભદેવ પ્રભુનું સ્તોત્ર છે. આ સૂરિજીને માલવદેશનાં ઉજ્જયિની નગરીમાં વૃદ્ધભોજરાજાની સભામાં શૈવમતવાળા પંડિતોએ અહંકારથી કહ્યું. કે અમારા મત સિવાય જૈનમાં કોઈ વિદ્વાન કે મંત્રશકિત જાણકાર છેજ નહિ જ્યારે રાજાએ જૈનોને પુછ્યું ત્યારે જૈનોએ પોતાના ગુરૂ માનતુંગાચાર્ય અદ્‌ભુત મંત્રશક્તિ ધરાવનાર તથા પંડિત છે. રાજાએ તેમને સભામાં બોલાવીને મંત્ર શક્તિ જાણવા પગમાં ૪૨ બેડીઓ પહેરાવી જેમ જેમ શ્લોકો રચતા ગયા તેમ તેમ બેડીઓ તુટતી ગઈ. આ ઉપરથી રાજા અત્યંત જૈનધર્મમાં શ્રદ્ધાયુક્ત થયો. ને જૈન ધર્મની સારી પ્રશંસા તથા ચઢતી થઈ આ સ્તોત્ર ભણવાથી દરેક કાર્યો સિદ્ધ થાય છે. આ સ્તોત્રના દરેક શ્લોકનાં જુદા જુદા મંત્રો જુદા જુદા ફલો આપનાર છે, તથા મહા પ્રભાવિક છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૭—કલ્યાણમંદિરસ્તોત્ર—શ્રીસિદ્ધસેનદિવાકરજીએ રચેલ શ્રી પાર્શ્વ પ્રભુનું આ સ્તોત્ર છે, ઉજ્જયિની નગરીમા મહાકાલ નામના જૈન મંદિરમાં પ્રાર્શ્વનાથની પ્રતિમા હતી તેના ઉપર બ્રાહ્મણોએ દ્વેષથી શિવલિંગ કરી ઢાંકી દીધી હતી. સિદ્ધસેનદિવાકરજી ત્યાં ગયા ને તે મંદિરમાંજ આ સ્તોત્ર રચ્યું. અગ્યારમો શ્લોક **यस्मिन्हर प्रभुतयोऽपि**—રચતાં તે શિવલીંગ ફાટયું ને પ્રતિમા પ્રગટ થઇ. આ સ્તોત્ર ભણવાથી દરેક પ્રકારનાં સુખ મલે છે તથા ઇચ્છિત કાર્યો સિદ્ધ થાય છે.

૫૮ **રત્નાકર પચ્ચીશી**—રત્નાકર સુરિજીએ આમાં આત્મનિંદાદ્વારા પ્રભુ સ્તુતિ કરેલ છે. આ સુરિજીને અંગે એમ કહેવાય છે કે તેઓ પ્રથમ ચારિત્રમાં ઘણા શિથિલ હતા. પણ પાછળથી સુંધરી જઇ ઘણો પશ્ચાતાપ કર્યો હતો ને પોતાના દોષો તથા અવગુણોની નિંદા રૂપ આ પચ્ચીશી રચી હતી, આમાં છેવટે સમકિતની માંગણી કરેલ છે.

---

## સુરતશહેરમાં જેજે સૂત્રો વંચાયા તથા હાલ વંચાયછે તે સંબંધી ટુંકદિગ્દર્શન.

(આજ સફ્લદિન ઉગ્યોમ્હારે—એરાગ)

પ્રબલ પુણ્યોદયથી આ પુરના, જૈનસંઘસમુદાયનેરે;
સદ્ગુરૂયોગમલ્યો અતી સુખકર, સિદ્ધાંતવાચનયોગ સાથેરે, પ્ર. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વર્ત્તમાન સમયે વંચાતી, વાચનશૈલી સુરસભરીરે;
ભૂતસમયનું સ્મરણ કરાવે, અંકિત થશે ઇતિહાસમાંરે, પ્ર.-૨

શાસ્ત્ર ઉદ્ધારની ભવ્ય રીતિને, ગ્રહી શુદ્ધ શોધન કરીનેરે;
અતીવ પ્રચાર કર્યો સવિ સંઘમાં, શાસન પ્રેમ હૃદય ધરીરે ,પ્ર.-૩

વાંચનારંભથી આજસુધીમાં, સૂત્રો આ પુરમાં વંચાયરે;
૧ વિશેષાવશ્યકને ૨ ઔપપાતિક, ૩ અનુયોગદ્વાર સુતત્વભર્યુંરે. પ્ર.-૪

૪ શ્રમણાચાર સમ્યક્ સંસૂચક, આચારાંગ સૂત્ર સંપૂર્ણ થયું રે;
અઢારહજાર પદો છે જેહના, પ્રથમ અંગ ગણાયેરે, પ્ર.-૫

૫ ઠાણાંગસૂત્ર જે અંગ ત્રીજું છે, બહોંતેર સહસ પદ માનરે;
સમાપ્તિ થઇ તેહની નિર્વિઘ્ને, જ્ઞાનગંગાપય સિંચ્યુંરે પ્ર.-૬

આધુનિક સમયે સૂત્ર આવશ્યક, વાચનામૃતરસ વરસેરે;
જ્ઞાનારાધનભૂત જ્ઞાનપંચમી દિન, શુભારંભ નંદીસૂત્રનો થયોરે પ્ર.-૭

ભવસાયરમાં ડુબતી હમારી, નૌકા કર ગ્રહી તારોરે;
રત્નત્રયી આરાધક આપ છો, અમને પણ તુમ સમકરોરે પ્ર.-૮

દેશનાપીયુષની દિવ્ય ધારાને, અમ અંતરમાં સિંચીરે;
પુનરાગમન નવિથાવે તિમ કરો, અક્ષય અનંત સુખ અર્પોરે પ્ર.-૯

(જ્ઞાનપંચમી સોમવાર ૧૯૭૪)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જૈનધર્મ સર્વધર્મોત્કૃષ્ટ શાથી ગણાય છે.

(સખી સ્વપ્ન મહિંમન ઓહનને-એ રાગ અથવા ત્રોટક છંદ)

સત્તત્ત્વસુધારસ સુદીરતા, જીનભાષિતધર્મમહીં વિકસી;
સવિધર્મતત્ત્વમાં અવલોકી, કદી દીઠી ન એહવી કેઇ પથે. ૧
અષ્ટાદશ દૂષણ જ્યહાં ન મિલે, થતાં દર્શન મુદ્રા શાન્ત દીસે;
કરી સત્ય સિદ્ધાંત તણી રચના, એવા દેવ જે ધર્મ મહીં દીસતા. ૨
પંચાચાર શુદ્ધ સદા પાલે, વલી પંચમહાવ્રત જે ધારે;
કરે રત્નત્રયીઆરાધનતા, કષ્ટકારીપરીસહને સહતાં. ૩
પંચેંદ્રિય નિગ્રહમાંહિ પૂરા, શુદ્ધ સંયમયોગમહિં જે શૂરા;
તત્ત્વવૃષ્ટિ ભવિકપર નિત્ય કરે, એવા ગુરૂ જે ધર્મ મહીં દીસતા. ૪
પંચમહાવ્રત જેહમાં મુખ્ય કહ્યા, વલી દ્વાદશ શ્રાધ્ધ વ્રતો સંગ્રહ્યા;
કરી શ્રવણ વર્ત્તન શુદ્ધ જેધારે, શુભ શાન્તિ નિકેતન તેહિ લહે. ૫
સુદેવ-સુગુરૂવર પ્રાપ્તિ થઇ, વલી જૈનધર્મસામગ્રી મલી;
સાંસારિક તાપ ત્રિવિધ ટલે, જૈનધર્મની શ્રેષ્ઠતા તેથી ભણે. ૬

(કાર્તિકશુકલચતુર્દશી-૧૯૭૪) (પુ૦ જ૦ મહેતા.)

સમાપ્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | પાડો | રાતો |
| ૧૩ | વિમલનાથ | ભૂંડ | પીળા |
| ૧૪ | અનંતનાથ | સીંચાણો પક્ષી | ,, |
| ૧૫ | ધર્મનાથ | વજ્ર | ,, |
| ૧૬ | શાંતિનાથ | હરણ | ,, |
| ૧૭ | કુંથુનાથ | બકરો | ,, |
| ૧૮ | અરનાથ | નંદાવર્ત સાથીઓ. | ,, |
| ૧૯ | મલ્લિનાથ | કળશ | લીલો |
| ૨૦ | મુનિસુવ્રત સ્વામી | કાચબો | કાળો |
| ૨૧ | નમિનાથ | લીલું કમળ | પીળા |
| ૨૨ | નેમનાથ | શંખ | કાળો |
| ૨૩ | પાર્શ્વનાથ | સર્પ | લીલો |
| ૨૪ | મહાવીરસ્વામી | સિંહ | પીળા |

| | નવ પદનાં નામ. | વર્ણ. |
|---|---|---|
| ૧ | અરિહંત | ધોળો |
| ૨ | સિદ્ધ | રાતો |
| ૩ | આચાર્ય | પીળો |
| ૪ | ઉપાધ્યાય | લીલો |
| ૫ | સાધુ | કાળો |
| ૬ | દર્શન | ધોળો |
| ૭ | જ્ઞાન | ,, |
| ૮ | ચારિત્ર | ,, |
| ૯ | તપ | ,, |

નવે પદનું ધ્યાન ધરતી વખતે ઉપર પ્રમાણે વર્ણો ગણવા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## છપાઇ તૈયાર થયેલ છે.

### શ્રી નાભાકરાજ ચરિત્ર ગૂર્જર ભાષાન્તર.

આ પુસ્તકમાં શ્રીમાન્ મેરૂતુંગાચાર્યજીએ રચેલ મૂળ શ્લોકનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. તેમાં દેવદ્રવ્ય વિષયપર નાભાકરાજાનું ચરિત્ર ઘણુંજ સુંદર, આનંદદાયક તથા આબેહુબ રીતે વર્ણન કરેલ છે. તેમાં પ્રસંગોપાત ૧ ન્યાય સંપન્ન વૈભવ ૨ કર્મની સિદ્ધિ ૩ જીવ હિંસાથી ઉપજતા અનર્થકારક પરિણામો ૪ સત્સંગતિ વિગેરે વિષયોનું પણ વિવેચન કરેલ છે જેથી સર્વજન સમૂહને અતીવ પ્રિય તેમજ આલ્હાદક થઈ પડે તેમ છે. કીંમત માત્ર પાંચઆના રાખવામાં આવી છે. એક માસ સુધીમાં લેનારને ચાર આને આપવામાં આવશે. આ પુસ્તક નીચેના ઠેકાણે મલશે.

**પુરૂષોત્તમ જયમલદાસ મહેતા.**

ઠે૦ નાણાવટ પંડોળીપોળ—સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust